## ભ૦ પાર્શ્વનાથની પરંપરાના સૂરિવરોના ધર્મોપાસકો

સિંહલદ્વીપના જૈન ધર્મી રાજા: ૨૩મા તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુના પ્રથમ ગણધર શ્રી શુભદત્તના પટ્ટધર આ૦ હરિદત્તસૂરિના શિષ્ય શ્રી લોહિત્યાચાર્ય દક્ષિણ ભારતમાં ઘણો સમય વિચર્યા. તેમણે પોતાની અમોઘ દેશના અને ચારિત્રના પ્રભાવે લંકા સુધી જૈન ધર્મનો પ્રસાર કર્યો હતો. બૌધભિક્ષુ ધનુસેન વિરચિત 'મહાવંશકાવ્ય' ઉલ્લેખ છે કે ઈ.સ. પૂર્વે લગભગ ૪૩૭માં સિંહલદ્વીપના રાજા પનુગાનયે અનુરાધપૂરમાં પોતાની રાજગાદી સ્થાપી અને ત્યાં નિર્ગ્રન્થ મુનિઓ માટે ગિરિ નામનું સ્થાન બનાવ્યું. એ સમયે સિંહલદ્વીપમાં શ્રી લોહિત્યાચાર્ય પરિવારના જૈન નિર્ગ્રન્થો વિચરતા હતા. ત્યાંનો રાજા પણ જૈનધર્મી હતો. રાજાએ એક જિનમંદિર બંધાવ્યું હતું, જે નિર્ગ્રન્થ કુમ્બન્ધ મુનિના નામથી વિખ્યાત બન્યું હતું.

પરમ જૈન રાજા પ્રદેશી: ભ૦ મહાવીરસ્વામીના સમયમાં ભ૦ પાર્શ્વનાથની શ્રમણપરંપરામાં ચોથી પાટે ગણનાયક શ્રી કેશીસ્વામી થયા. તેમનાં વરદ્ હસ્તે રાજા પુણ્યપાલે (નૂનપાલે) મુંડસ્થલમાં ભ૦ મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી અને તેઓના સદ્દુપદેશથી શ્વેતામ્બિકનો કટ્ટર નાસ્તિક રાજા પ્રદેશી જૈનધર્મ સ્વીકારી પરમ ધર્મોપાસક બન્યો હતો. શ્રી કેશસ્વામી અને ભ૦ મહાવીરસ્વામીના પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી વચ્ચેનો સંવાદ અને શંકાનિવારણનો પ્રસંગ ખૂબ જાણીતો છે. શ્રી કેશસ્વામીનો શ્રમણસંઘ જે 'પાર્શ્વોપત્ય' તરીકે ઓળખાતો હતો તે 'ઉપકેશગચ્છ'નામથી પણ ઓળખાવા લાગ્યો, અર્થાત્ ભ૦ પાર્શ્વનાથની શ્રમણપરંપરા 'ઉપકેશગચ્છ' તરીકે પ્રચલિત બની.

રાજાદિ ૧,૮૦,૦૦૦ જૈન ધર્મી બન્યા: શ્રી કેશસ્વામીના પ્રપટ્ટધર આ૦ રત્નપ્રભસૂરિના સમયમાં શ્રીમાલનગર (ભિન્નમાલ)ના રાજકુમાર સુરસુંદર (ઉપલદેવ) અને મંત્રીપુત્ર ઉહડે 'ઉપકેશનગર' વસાવ્યું, જે વર્તમાનમાં 'ઓસિયા' નામે સુપ્રસિદ્ધ છે. આ૦ રત્નપ્રભસૂરિના અનન્ય પ્રભાવ, ઉપકાર અને ઉપદેશથી ઉપકેશનગરના રાજા ઉપલદેવ, મંત્રી ઉહડ તેમ જ ક્ષત્રિયો વગેરે હિંસાદિનો ત્યાગ કરી જૈનધર્મી બન્યા હતા. જેની સંખ્યા ૧,૮૦,૦૦૦ની હતી. આ સૂરિવરના ઉપદેશથી એક શેઠે (કે મંત્રીએ) જૈનમંદિર બનાવી વીરનિરવ્ણ સં ૭૦માં સૂરિજીના હાથે ભ૦ મહાવીરસ્વામીની મહા ચમત્કારી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી, ત્યારથી આ સ્થાન (ઓસિયા) તીર્થરૂપ બન્યું છે. અહીંના રાજાએ પણ નગરની પહાડી (ટેકરી) પર શ્રી પાર્શ્વનાથનું વિશાળ જિનાલય અને દેવી સચ્ચયિકાની દહેરી બનાવતાં, જેની વિ.સં. ૭૭માં આ૦ રત્નપ્રભસૂરિ અને તેના શિષ્ય કોરંટાગચ્છના પ્રવર્તક આ૦ કનકપ્રભસૂરિના

હસ્તે પ્રતિષ્ઠા કરવામાં આવી. રાજ્યની અધિષ્ઠાયિકા પાદ્રદેવી ચામુંડાને પણ આ૦ રત્નપ્રભસૂરિએ હિતોપદેશ આપી સમકિતી બનાવી અને સચ્ચિકા (સચ્ચયિકા) દેવી નામ આપી ઉપકેશવંશ (ઓસવાલ)ની કુલદેવી તરીકે સ્થાપિત કરી.

ઉપકેશવંશ–ઓસવાલ અને વિવિધ ગોત્રોની સ્થાપના: ઉપકેશનગરના આ નૂતન જૈનધર્મીઓ (મહાજન) સમય જતાં, ઉપકેશનગરના હોવાથી, 'ઉપકેશવંશ' તરીકે પ્રસિદ્ધિ પામ્યા, અને આગળ જતાં ઉપકેશનગર 'ઓસિયા' નામથી ઓળખાતાં, ત્યારથી ઉપકેશવંશના જૈનો 'ઓસવાલ' તરીકે ઓળખાવા લાગ્યા છે. વહીઓમાં એવો ઉલ્લેખ મળે છે કે આ૦ રત્નપ્રભસૂરિના ઉપદેશથી ઉપકેશપુર અને અન્ય સ્થાનોમાં મળી કુલ ૧૪ લાખ નવા જૈનો બન્યા હતા. સાર વાત એ છે કે ભ૦ પાર્શ્વનાથની શ્રમણપરંપરામાં ઉપકેશગચ્છ અને તેની કોરંટાગચ્છ વગેરે અન્ય શાખાઓમાં થયેલાં સૂરિવરોના ઉપદેશ અને પ્રભાવથી ખૂબજ મોટી સંખ્યામાં નવા જૈનો બન્યાં છે આ જૈનો ભિન્ન ભિન્ન કારણે અને સમયે જુદા–જુદા ગોત્રો અને જાતિથી ઓળખાતા થયા છે. આ ગોત્રોમાંથી અનેક પેટા જાતિઓ અને જ્ઞાતિઓ પણ નીકળી છે જેના નામો પ્રાચીન વહીઓના આધારે હજાર ઉપરાંત જોવા મળે છે.

તેમાંના કેટલાંક નામો આ પ્રમાણે છે તાતેડ, બાફના, નાહટા, જાંઘડા, બૈતાલા, પટવા, દફતરી, કરણાવટ, વલહીલ–વલહા, રાંકા, બાંકા, શ્રીમાલ કુલહટ, વીરહટ, મોરીય, શ્રેષ્ઠિ, સંચેતી, આઇચણા, આદિત્યનાગ, ચોરડીયા, ગુલેચ્છા, પારેખ, સામસુખા, ગદૈયા, ભૂરા, ભાદ્ર, સમદડીયા, ચિંચટ, કુંભર–કુંમટ, કનોજીયા, ડીંડુલ–ડીડુ, કોચર, મહેતા, લઘુશ્રેષ્ઠિ, શાહ, શેઠ, બાંઠિયા, બરડીયા, હરખાવત, બોથરા, ફોફલિયા, મુકિમ, ધાડીવાલ, રાતડિયા, સખલેચા, કાસટિયા, કોઠારી, ખજાનચી, ખીમસરા, મિન્ની, સુધેચા, ધાકડ, નાર, શેઠિયા, સોનેચા, વડેરા, આડેચા, હિરણ, લુક્કડ, હથુંડિયા, ગુંદેચા, રામપુરીયા, કેશરિયા, લુણીયા, ચૌધરી, પટવારી, ભંડારી, કાનુંગા, પિત્તલીયા, કોટેચા, વાગરેચા, બોહરા, સોની, ગાંધી, માલાવત અને ચંપાવત વગેરે.

કનોજના રાજા ચિત્રાંગદે ઉપકેશગચ્છની ૧૪મી પાટે આવેલા આ૦ દેવગુપ્તસૂરિ (બીજા)થી પ્રતિબોધ પામી જિનાલય બનાવ્યું અને તેમાં સ્વર્ણમયી પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી.

પાટણમાં કપર્દી શાહે બંધાવેલ જિનાલયમાં ભ૦ મહાવીરસ્વામીની સુવર્ણમિશ્રિત પિત્તલની પ્રતિમાની પ્રતિષ્ઠા ૪૭મી પાટે થયેલા આ૦ સિદ્ધસૂરિ (દશમા)ના વરદ્ હસ્તે કરવામાં આવી હતી. વપ્રનાગ કુળના બ્રહ્મદેવે આ કાર્યમાં મોટો સાથ આપ્યો હતો. આ પ્રતિમાજીનાં નેત્ર અતિ મૂલ્યવાન નીલમણિથી બનાવેલાં હતા. શ્રી સિદ્ધસૂરિનાં શિષ્ય જંબૂનાગ મુનિએ યવનાધિપ મુમુચિ (મહમદ ગિઝની) હલ્લો લાવશે પણ તે હારી જશે વગેરે વર્ષફળ કહ્યા મુજબ સાચું પડતા લોદ્રવાનો રાજા તણુ જૈનધર્મ–પ્રેમી બન્યો હતો.

ઉપકેશગચ્છની ૪૮મી પાટે આ૦ દેવગુપ્તસૂરિ (૧૧મા) થયા. સં. ૧૧૦૮માં ભિન્નમાલમાં તેમના સૂરિપદનો ઉત્સવ ઉજવાતા, તેમાં અનન્ય ધર્માનુરાગી ભેંમાશાહે ૭ લાખ દ્રમ ખરચી લાભ લીધો. તે ખૂબ જ ધનવાન હતો. તેમના ‘ગદિયાણા’ નામથી સિક્કા ચાલતા, આથી તેમના વંશજ ‘ગદઈયા’ તરીકે ઓળખાવા લાગ્યા, જે આજે પણ છે.

# કલિંગ દેશના પ્રતાપી અને પરમ જૈનધર્મી રાજાઓ

વર્તમાન ઓરિસ્સા રાજ્યનો કેટલોક ભાગ અને તેની નીચેનો કેટલોક વિસ્તાર પૂર્વે ‘કલિંગ દેશ’ નામે ઓળખાતો. આ પ્રદેશ જૈન ધર્મની પ્રાચીન કેન્દ્રભૂમિ હતી. અહીં વિશાલાપતિ મહારાજા ચેટકનો પુત્ર શોભનરાય આવ્યો અને વીર સં.૧૮માં તે કલિંગાધિપતિ બન્યો. આ જ વંશની પરંપરામાં વીર સં. ૩૬૨માં વિદુહરાય કલિંગનો રાજા થયો. આમ, લગભગ ૩૫૦ વર્ષ સુધી કલિંગ પર એક જ વંશનું આધિપત્ય રહ્યું. આ રાજાઓ જૈનધર્મી હતા. ‘હિમવંત સ્થવિરાવલી’માં આ રાજાઓની વિગતો વિસ્તારથી મળે છે.

શોભનરાયઃ– વિશાલા (વૈશાલી) નગરીના ગણસત્તાક રાજ્યતંત્રના પ્રમુખ મહારાજા ચેટક અને મગધસમ્રાટ કોણિક વચ્ચે ભયંકર યુદ્ધ થતાં આખરે રાજા ચેટક અનશન કરી સ્વર્ગવાસી બને છે. આ વખતે રાજા ચેટકનો પુત્ર શોભનરાય ત્યાંથી નાસીને કલિંગ દેશમાં તે વખતના રાજા સુલોચનના આશ્રયે ગયો. કલિંગ રાજાઓ કરકંડુ વગેરે ભ. પાર્શ્વનાથના ઉપાસક જૈન હતા. કલિંગનરેશ સુલોચન પણ જૈન હતો. તેને સંતાનમાં માત્ર એક પુત્રી હતી. રાજા સુલોચને પોતાની કન્યા અને રાજ્ય બંને શોભનરાયને આપ્યાં. તેના મૃત્યુ પછી શોભનરાય કલિંગાધિપતિ બન્યો અને તેનો વીર સં. ૧૮માં કલિંગની રાજધાની કનકપુર (કાંચનપુર)માં રાજ્યાભિષેક થયો. શોભનરાય પણ પિતા ચેટકની જેમ પરમ જૈનધર્મી હતો. તે કલિંગ દેશમાં આવેલ શત્રુંજયાવતારરૂપ કુમારગિરિ અને ઉજ્જયંતાવતારરૂપ કુમારગિરિ તીર્થ[1] ઉપર યાત્રા કરવા ગયો. અહીં રાજા શ્રેણિકના સમકાલિન રાજા સુલોચને શ્રમણોને ધ્યાન–સાધના કરવા માટે પાંચ ગુફાઓ બનાવી હતી, તેમ જ શ્રેણિક મહારાજાએ શ્રી સુધર્માસ્વામીનાં હાથે શ્રી ઋષભદેવની સુવર્ણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. એટલે આ સ્થાન તીર્થરૂપ તો હતું જ, શોભનરાયે આ તીર્થનો મહિમા વધારી ખૂબ પ્રચાર કર્યો.

ચંડરાયઃ- આ શોભનરાયની પાંચમી પેઢીએ વીર સં. ૧૪૯માં કલિંગની ગાદીએ ચંડરાય આવ્યો. તેના સમયમાં મગધના નંદવંશના આઠમા રાજા મહાનંદે અહીં કલિંગ ઉપર ચઢાઈ કરી હતી, જે યુદ્ધમાં કલિંગની ખૂબ જ ખુવારી થઈ, દેશ પાયમાલ થયો. કિન્તુ એની આઝાદીની તમન્ના ઉભી રહી. રાજા મહાનંદ ગુસ્સામાં કુમારગિરિ ઉપર મંદિરને તોડીને શ્રી ઋષભદેવની સુવર્ણ પ્રતિમા પટણા (પાટલી પુત્ર) લઈ ગયો.

<u>નોંધઃ-</u>આ બંને તીર્થ ભુવનેશ્વરથી પાંચ માઈલ પશ્ચિમે પહાડી પર સામસામે આવેલ છે. આજે તે ખંડગિરિ અને ઉદયગિરિ નામે પ્રસિદ્ધ છે. આ બંનેમાં મળીને ૩૦ જેટલી જૈન ગુફાઓ આવેલી છે. આ ગુફાઓમાં ૨૪ તીર્થંકરો અને ૨૪ દેવીઓની મૂર્તિ આવેલી છે.

ક્ષેમરાજઃ- આ પછી વીર સં. ૨૨૭માં શોભનરાયની આઠમી પેઢીએ ક્ષેમરાજ કલિંગનો રાજા બન્યો. આ ક્ષેમરાજા પટણાની સત્તાને ફગાવી સ્વતંત્ર થયો હતો. એટલે મગધ સમ્રાટ અશોકે કલિંગ ઉપર પુનઃ ચઢાઈ કરી. કલિંગની સેનાએ પણ ખૂબ જોરથી તેનો સામનો કર્યો અને તેને પરાજયની સ્થિતિમાં લાવી મૂક્યો. પછી તો અશોકે પણ ઝનુનમાં આવી મગધની આખી સેના કલિંગમાં ઉતારી, ખૂબ જુલ્મ ગુજારી, કલિંગરાજને હરાવ્યો. સમ્રાટ અશોકના હાથે આ યુદ્ધમાં મહાભયંકર માનવસંહાર થયો હતો. તેમાં કલિંગવાસીઓના વીરતાભર્યા બલિદાનો અને કરૂણ દ્રશ્યો જોઈને આખરે અશોકનું હૃદય દ્રવી ઉઠ્યું. આથી તેણે શૂરવીર કલિંગવાસીઓને સ્વતંત્રતા બક્ષી અને ત્યારથી પોતે રાજ્યલોલુપતાથી થતાં આવા યુદ્ધો પણ બંધ કર્યા.

વીર સંવત ૨૭૫માં ક્ષેમરાજનો પુત્ર વુડ્ઢરાજ કલિંગની ગાદીએ આવ્યો અને તેમને કુમારગિરી અને કુમારીગિરી ઉપર જૈન શ્રમણ-નિગ્રંથો અને સાધુઓ માટે બીજી ૧૧ ગુફાઓ તૈયાર કરાવી હતી અને ત્યાંના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી તે તીર્થોને ફરી સતેજ કર્યા હતા.

ભિક્ખુરાય ઉર્ફે મહામેઘવાહન રાજા ખારવેલઃ- વીર સં. ૩૦૦માં વુડ્ઢરાજનો પુત્ર ભિક્ખુરાય કલિંગનો રાજા બન્યો તે પણ પરમ જૈનધર્મી અને મહાપ્રતાપી હતી. તેની રાજધાની સમુદ્ર કિનારે હોવાથી તેમજ તેની રાજ્યસીમા સમુદ્રસુધી હોવાથી તે ખારવેલાધિપતિ કહેવાતો હતો.

આ પરાક્રમી રાજા ભિક્ખુરાયે મગધના રાજા પુષ્યમિત્રને હરાવી જૈન ધર્મ ઉપર થયેલાં નિર્દયી આંતકોને નાબુદ કર્યા હતા અને જૈન ધર્મની પ્રભાવનાને પુનઃ ગુંજતી કરી હતી. મગધના રાજા બૃહદ્રથ મૌર્યને મારી નાંખી તે પટણાની ગાદીએ ચઢી બેઠેલો હતો અને નિષ્ઠુરપણે જૈન શ્રમણો અને બૌદ્ધ સાધુઓ વગેરેનો શિરચ્છેદ કરાવી તથા જૈન મંદિરોને નષ્ટભ્રષ્ટ કરી કાળો કેર વર્તાવ્યો હતો. આથી જૈન શ્રમણને એકદમ કલિંગ તરફ વિહાર કરવો પડ્યો હતો અને જિનાલયોની સલામતી

જોખમાઈ હતી. આ વિકટ પરિસ્થિતિને નિર્મુળ કરવા ખારવેલે પ્રથમ પુષ્યમિત્રને હરાવ્યો તેમજ નંદવંશનો રાજા મહાનંદ જે ઋષભદેવ પ્રભુની સુવર્ણમુર્તિ પાટલી પુત્ર લઈ ગયો હતો તે પાછી કુમારગિરી લાવ્યો અને શ્રેણિક મહારાજાએ બંધાવેલા મંદિરનો જીર્ણોદ્ધા કરાવી ભારે મહોત્સવપૂર્વક પુનઃ પ્રતિષ્ઠા કરી હતી.

ઉપરાંત ભિક્ખુરાયે જિનાગમોની રક્ષા અને વ્યવસ્થા માટે શ્રવણસંઘને બોલાવ્યા આચાર્ય સુસ્થિતસૂરિ અને આચાર્ય સુપ્રતિબદ્ધસૂરિની અધ્યક્ષતામાં કુમારગિરી ઉપર મોટું શ્રવણસંમેલન મેળવ્યું અને આગમ વાચના કરાવી હતી. આમ મહામેઘવાહન રાજા ખારવેલનો એક લેખ ઈ.સ. પૂર્વે બીજા સૈકાનો ઓરીસ્સામાં ખંડગિરી ઉપર હાથી ગુફામાં ચોટાડેલો વિદ્યમાન છે જે ભારતીય પુરાતત્ત્વ વિભાગમાં ઐતિહાસીક ઘટનાઓ અને જીવનચરિત્રનું વર્ણન આપનારા સૌથી વધારે પ્રાચીન અને મોટો શિલાલેખ ગણાવ્યો છે અને આ લેખ ઉપરથી જાણી શકાય છે કે રાજા ખારવેલ 'કલિંગ ચક્રવર્તી' તરીકે મનાયો છે.

તેણે આંધ્ર, મહારાષ્ટ્ર અને વિદર્ભદેશને કલિંગની છત્રછાયામાં લીધા હતા અને તેના આ રાજ્યકાળના બીજા વર્ષમાં જ મહી નદીથી કૃષ્ણાસુધી તેનો પ્રતાપ વિસ્તર્યો હતો. આમ રાજા ખારવેલ કલિંગ દેશને સુદ્રઢ અને સમૃદ્ધ કરી તથા જૈન શાસનની મહાન પ્રભાવના કરી વીર સં. ૩૩૦માં સ્વર્ગવાસ પામ્યો.

(જૈન પ્રાચીન લેખ સંગ્રહ ભાગ–૧, જૈન સાહિત્ય સંશોધન–વર્ષ–૩–અંક ૪)

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

વક્રરાય અને વિદુહરાયઃ– વીર સં. ૩૩૦માં ભિક્ખુરાયનો પુત્ર વક્રરાય અને તેના પછી તેનો પુત્ર વિદુહરાય કલિંગનો રાજા થયો. એ રાજા જૈન ધર્મના મહાન ઉપાસક હતા. રાજા વિદુહરાયનું વીર સં. ૩૯૫માં સ્વર્ગગમન થયું. આ રીતે કલિંગ રાજ્ય પર સાડા ત્રણ સૈકા સુધી એક જ વંશનું શાસન રહ્યું.

સમ્રાટ વિક્રમાદિત્ય અને તેનાં શાસનપ્રભાવક ધર્મકાર્યોઃ– આચાર્ય કાલસૂરિ (બીજા) ઉજ્જૈનના રાજા ગર્દભિલ્લ પાસેથી પોતાની બહેન સાધ્વી સરસ્વતીશ્રીને છોડાવવા ઈરાનના શાહી રાજાઓને તેમ જ પોતાના ભાણેજ ભરૂચના રાજા બલમિત્રને લઈને ઉજ્જૈન આવ્યા. ત્યાં ઘોર યુદ્ધ ખેલાયું. રાજા ગર્દભિલ્લ હાર્યો, મરાયો અને આ. કાલકસૂરિએ પોતાની બહેન મહારાજને છોડાવી, તેમને આલોયણા આપી શુદ્ધ કર્યાં. ઈરાનના શાહી રાજાઓ ઉજ્જૈનની ગાદીએ આવ્યા, પરંતુ થોડા સમય બાદ ભરૂચનો રાજા બલમિત્ર શાહી રાજાઓને હરાવી અવંતિદેશનો મહારાજ બન્યો. રાજા બલમિત્રે ઉજ્જૈનમાં રાજ્યાભિષેક સમયે પોતાના આ મહાન વિજયની યાદરૂપે વિક્રમ સંવત પ્રવર્તાવ્યો અને ત્યારથી એ

'વિક્રમાદિત્ય'ના નામથી વિશેષ ખ્યાતિ પામ્યો. સંસ્કૃતમાં બલમિત્ર, ભાનુમિત્ર, બલભાનુ અને વિક્રમાદિત્ય એ પર્યાયવાચક નામો જ છે અને આ રીતે પણ બલમિત્ર એ જ અવંતિપતિ વિક્રમાદિત્ય હોવાની વાતને પુષ્ટિ મળે છે.

ઉજ્જૈનમાં મહાકાલેશ્વરનું મંદિર જે પૂર્વે અવંતિ પાર્શ્વનાથનું મંદિર હતું. વાત એવી છે કે, વીર નિર્વાણ સં. ૨૫૦ લગભગમાં ઉજ્જૈનમાં ભદ્રા શેઠાણીના પૌત્ર અને અવંતિસુકુમારના પુત્ર મહાકાલે પિતાના સ્મારકરૂપે શ્રી અવંતિ પાર્શ્વનાથ જિનાલય સ્થાપ્યું હતું. આ અવંતિ પાર્શ્વનાથ મંદિર તેના નામ ઉપરથી મહાકાલનું મંદિર પણ કહેવાતું. આ ગગનચુંબી ભવ્ય જિનપ્રસાદ રાજા પુષ્યમિત્રના સમયમાં મહાકાળ મહાદેવના મંદિર તરીકે રૂપાંતરિત કરવામાં આવતાં, ત્યારથી જૈનોના હાથમાંથી ચાલ્યું ગયું હતું. પરંતુ, ઘણાં વર્ષો બાદ આ૦ સિદ્ધસેન દિવાકરે પરમ પ્રભાવી 'કલ્યાણ મંદિર' સ્તોત્રની રચના અને ગાનપર્વક આ મંદિરના ભૂગર્ભમાંથી એ જ શ્રી પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ કરી આ જિનમંદિર હોવાની રાજા વિક્રમાદિત્ય અને સૌ કોઈને પ્રત્યક્ષ પ્રતીતિ કરાવી આપતાં, સૂરિવરના ઉપદેશથી રાજા વિક્રમાદિત્યે નવું જિનમંદિર બનાવી, તેમાં સૂરિજીના હસ્તે મહાચમત્કારી શ્રી અવંતિપાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી 'અવંતી–પાર્શ્વનાથ તીર્થ'ને પુનઃ પ્રવર્તિત બનાવ્યું. વળી, આ. સિદ્ધસેનસૂરિજીના ઉપદેશ અને પ્રભાવથી રાજા વિક્રમાદિત્ય પરમ જૈનધર્મી બન્યો અને તેના હાથ નીચેના મોટા ૧૮ રાજાઓએ પણ જૈનધર્મ સ્વીકાર્યો હતો. ઉપરાંત, વિક્રમાદિત્યે ૐકારપુરમાં એક જિનાલય બંધાવી તેમાં ૐકાર પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેનાં રક્ષણ અને વ્યવસ્થા માટે ૧૨ ગ્રામ શ્રીસંઘને ભેટ આપ્યા.

એક વખત રાજા વિક્રમાદિત્યે આ૦ સિદ્ધસેનસૂરિની અજોડ વિદ્વતા અને કાવ્યશક્તિથી પ્રસન્ન થઈને એક લાખ સોનામહોર તેમનાં ચરણે ધરી, પણ સૂરિજીએ કહ્યું કે, "અમે તો નિષ્પરિગ્રહી અને અકિંચન સાધુ છીએ. અમારે આ ન ખપે." પછી રાજાએ સૂરિજીના ઉપદેશથી જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા, નવ જિનાલયો બનાવ્યાં, જિનબિમ્બો ભરાવ્યાં, શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવ્યો અને મોટો યાત્રાસંઘ પણ કાઢ્યો. (આ સંઘની વિસ્તૃત વિગત આ ગ્રંથમાં 'યાત્રાસંઘના સંઘવીઓ' અંતર્ગત લેખમાં આપી છે.)

સમ્રાટ વિક્રમાદિત્યના રાજ્યના વાયડ વિભાગના મંત્રી નિંબે (લીંબાએ) વિ.સં. ૭માં વાયડમાં ભ૦ મહાવીરસ્વામીના મંદિરનો જીર્ણોદ્ધાર કરી, તેમાં કળશ અને ધ્વજાદંડની પ્રતિષ્ઠા આ૦ જીવદેવસૂરિના હાથે કરાવી હતી.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

**ક્ષત્રપવંશના જૈન રાજાઓ: નહપાન, ચષ્ટન, રૂદ્રદામા વગેરે:-** વિક્રમના બીજા અને ત્રીજા સૈકામાં ગુજરાતના ક્ષત્રપવંશમાં ઘણાં જૈન રાજાઓ થયા છે. આ૦ કાલકસૂરિ (બીજા)એ ઈરાની શકશાહીઓ મારફત ઉજ્જૈનના અત્યાચારી રાજા ગર્દભિલ્લને હરાવતાં ઈરાની શકો ગાદીએ આવ્યા હતા. આ શકશાહીઓએ ઈરાનથી સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રના કિનારે ઉતરી પ્રથમ સૌરાષ્ટ્ર જીત્યું હતું. ઉજ્જૈનની ગાદીએ ચાર વર્ષ બાદ બલમિત્ર આવ્યો, જે વિક્રમાદિત્યના નામે વિખ્યાત બન્યો. આ તરફ ઈરાની શકો ઉજ્જૈનમાં તો માત્ર ૪ વર્ષ જ રહ્યા, પછી પશ્ચિમ ભારતમાં તેની સત્તા વધુ મજબૂત બની. શરૂમાં ક્ષત્રપ નહપાન અને ઉષવદાતે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં પોતાની સત્તા જમાવી અને શકસંવત પ્રવર્તાવ્યો. ત્યાર ફછી મહાક્ષત્રપ ચષ્ટન ગુજરાતનો રાજા બન્યો. પછી જયદામા અને તેના પછી રૂદ્રદામા રાજા થયો, જે આદર્શ શાસક હતો. તેણે રાજ્યને ખૂબ વિસ્તાર્યું હતું. ત્યાર પછી દામઝદ, જીવદામા, રૂદ્રસિંહ, રૂદ્રસેન વગેરે ક્ષત્રપવંશીય રાજાઓ થયા.

વસ્તુતઃ આ શકોને અહીં આ૦ કાલિકાસૂરિ લાવેલ હોવાથી શકો તેમને પોતાના ગુરૂ માનતા હતા. એટલે કે શકો જૈનધર્મી કે ધર્મપ્રેમી હતા. તેઓએ જૈનધર્મ પાળીને પોતાના જીવનને એવું ઉચ્ચ અહિંસક અને સમભાવી બનાવ્યું હતું કે તેઓ થોડા વર્ષમાં આર્યસંસ્કૃતિથી ઓતપ્રોત બની ગયા. આ૦ કાલકસૂરિએ પોતાના પ્રભાવથી આ પરદેશીઓને હિન્દમાં લાવી હિન્દી અને આર્ય બનાવી દીધા હતા, તે એટલે સુધી કે શરૂઆતના શક-ક્ષત્રપો તો જૈનધર્મના અનુયાયી જ બની ગયા હતા. ઉષવદાતનો લેખ બતાવે છે કે એ જૈનધર્મ માનતો-પાળતો. તેના શિલાલેખમાં સિદ્ધ ભગવાનને નમસ્કાર કરેલો છે. તેણે નાસિક વગેરે સ્થાનોમાં ગુફાઓ ખોદાવી છે, જે જૈન ગુફાઓ છે. કચ્છ-ભૂજના ફર્ગ્યુશન મ્યુઝિયમમાં શક સં. બાવનના મહાક્ષત્રપ રૂદદામાના ચાર શિલાલેખો છે, જેમાં શ્રમણો સંબંધી લખાણ છે. તેના રાજકાળમાં ગિરનાર તીર્થનો મોટો જીર્ણોદ્ધાર થયો છે. રૂદ્રદામાને દામદાઝ અને રૂદ્રસિંહ એમ બે પુત્રો હતા. આ ભાઈઓએ ગિરનાર પર ભ૦ નેમિનાથના કેવલજ્ઞાન અને મોક્ષકલ્યાણકના સ્થાનમાં જિનાલયોને ઉપયોગી કામો કરાવ્યાં છે, જેનો લેખ જુનાગઢમાં વિદ્યમાન છે. આવીરીતે આ શક-ક્ષત્રપોએ અહીં આવીને જૈનધર્મનો સ્વીકાર કર્યો, તે આ૦ કાલિક્સૂરિની અસરને લીધે જ હતું, એટલું જ નહિં, તેઓએ આ વિદેશીઓને શુદ્ધ દેશી સંસ્કૃતિ આપવાની અપનાવેલ નીતિને આભારી હતું.

**વલભીવંશના જૈનધર્મી રાજાઓ: કલ્પસૂત્રનું સૌ પ્રથમ વાંચન:**

આગમવાચનાઓ: મહાન વિદ્યાતીર્થ:–

વિ. સં. ૩૭૫માં વલભી સંવત પ્રવર્તાનાર વલભી રાજા આદ્ય શિલાદિત્ય પરમ જૈન હતો. વચમાં તે બૌદ્ધધર્મી બન્યો હતો કિન્તુ આ૦ મલ્લવાદીસૂરિના પ્રભાવથી પુનઃ જૈનધર્મી બન્યો હતો. આ સૂરિજીએ રાજસભામાં બૌદ્ધાચાર્યને વાદમાં હરાવી બૌદ્ધોના કબજામાંથી શત્રુંજયતીર્થ પાછું મેળવ્યું હતું. આ મહાતીર્થનો રાજાએ જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. શિલાદિત્યના વંશજો ‘મૈત્રક’ તરીકે ઓળખાતા હતા. આ વંશ મિત્રવંશ અને વલભીવંશ તરીકે પણ પ્રસિદ્ધિ પામ્યો છે.

આ વલભીવંશનો રાજા ધ્રુવસેન (પહેલો) શ્રદ્ધાવાન જૈનધર્મી હતો. તેણે માતપિતાના કલ્યાણ માટે ઘણાં જિનમંદિરોના જીર્ણોદ્ધાર અને દર્શન–પૂજન કરાવ્યાં છે. આજે પર્યુષણા પર્વ દરમિયાન વ્યાખ્યાનમાં જે કલ્પસૂત્રનું વાચન કરવામાં આવે છે, તેની શરૂઆત આ રાજાના સમયમાં થઈ છે. રાજા તેના કુમારભુક્તિનગર આણંદપુર (વડનગર)માં રહેતો હતો ત્યારે વિ.સં. ૫૮૩માં આ૦ કાલિકસૂરિ (ચોથા)એ જ નગરમાં ચાતુર્માસ પધાર્યા હતા. તે વર્ષે રાજાના કુમારનું અકાળ મૃત્યું થતાં રાજકુટુંબમાં અને નગરવાસીઓમાં શોકની ઘેરી છાયા ફરી વળી. સૂરિજીએ આ શોકનિવારણ માટે ચતુર્વિધ સંઘ સમક્ષ વ્યાખ્યાનમાં ‘કલ્પસૂત્ર’ સાંભળવા આવ્યો હતો. આમ, અત્યારથી કલ્પસૂત્રનું વાંચન પરંપરારૂપે અદ્યાવિધિ અપાતું આવ્યું છે.

આ વંશમાં આદ્ય શિલાદિત્ય ઉપરાંત શિલાદિત્ય નામના જ બીજા સાત રાજાઓ થયા છે. તેમાં વિદ્વદ્પોષક જૈનધર્મી રાજા શિલાદિત્ય (પહેલા)ના રાજ્યકાળમાં આ૦ જિનભદ્રગણીએ (કે આ૦ જિનદાસગણીએ) વિ.સં. ૬૬૬માં વલભીમાં ‘વિશેષાવશ્યક–ભાષ્ય’ રચ્યું, જે જૈન સાહિત્યમાં મુકુટમણિ સમાન લેખાય છે. આ જ વલભીવંશના અન્ય રાજાઓમાં દ્રોણસિંહ, ધરસેન (ચોથો), વીરસેન, ધ્રુવસેન (ત્રીજો), શિલાદિત્ય (બીજાથી સાતમો) વગેરે પણ જૈનધર્મી હતા. કેટલાક રાજાઓ બૌદ્ધધર્મી હતા, પરંતુ મોટાભાગના જૈનધર્મી હતા. આ જૈનધર્મી રાજાઓને કારણે તેમ જ સમર્થ આચાર્યોના આવાગમન અને પ્રભાવને કારણે અહીં સમયે સમયે જૈનધર્મના પ્રભાવક કાર્યો સુસમ્પન્ન બનતાં જ રહ્યાં. તેમાં વલભીની વિ.સં. ૪૨૧ થી ૪૩૦ સુધીમાં ચોથી (માથુરીવાચનાની સમકાલીન આગમવાચના અને વિ.સં. ૫૭૦માં પાંચમી આગમવાચનાથી વલભી વિદ્યાતીર્થ તેમજ આગમતીર્થરૂપે ખ્યાતિ પામ્યું છે. આજે આપણને જે આગમો લભ્ય છે તે આ આગમવાચનાનું સુપરિણામ છે.

 www.jainuniversity.org

પરમ ધર્મોપાસક રાજા શાલિવાહન (સાતવાહન):- આંધ્રપતિ શાલિવાહન (સાતવાહન) સમર્થ રાજા હતો. તેણે દક્ષિણમાં પોતાની સત્તાને મજબૂત બનાવી ઉત્તર ભારતમાં પણ પોતાનું રાજ્ય વિસ્તાર્યું હતું. રાજા જૈનધર્મનો પરમ ઉપાસક તેમ જ મહા દાનેશ્વરી હતો. તેની રાણીઓ પણ પરમ જિનોપાસક હતી.

એક વખત આ. કાલકસૂરિ (બીજા) વિહાર કરતાં કરતાં આંધ્રદેશની રાજધાની પ્રતિષ્ઠાનપુર પધાર્યા અને રાજા સાતવાહનની વિનંતીથી ત્યાં ચોમાસુ રહ્યા. પર્યુષણાપર્વના દિવસો નજીક આવ્યા. ભાદરવા સુદ પાંચમે સંવત્સરી મહાપર્વ ઉજવવાનું હતું. (ત્યારે પાંચમે સંવત્સરી થતી) પરંતુ તે વખતે એ પ્રદેશમાં ભા. સુદ પાંચમના દિવસે લૌકિક ઈન્દ્રપર્વ આવતું હોય અને તે પર્વોત્સવમાં રાજા-પ્રજા એકસરખી રીતે ભાગ લેતા હોય રાજા સાતવાહને આચાર્યશ્રીને વિનંતી કરી કે, ભાદરવા સુદ પાંચમના લૌકિક પર્વ-મહોત્સવ હોવાથી મારે ત્યાં જવું પડશે, તો આપ સંવત્સરી મહાપર્વ ભા. સુદ ૫ને બદલે ભા. સુદ ૬ને દિવસે કરો, જેથી હું તેની બરાબર આરાધના કરી શકું. ત્યારે આચાર્યશ્રીએ જણાવ્યું કે, તે દિવસનું ઉલ્લંઘન કરાય નહીં. આથી રાજાએ ફરી વિનંતી કરી કે, તો અણાગત ચોથે સંવત્સરી પર્વ કરો. ઉત્તરમાં આચાર્યશ્રીએ કહ્યું: 'ભલે તેમ કરીશું.' એટલે આચાર્ય મહારાજ, રાજા અને ચતુર્વિધ શ્રીસંઘે તે વર્ષે ભાદરવા સુદ ચોથને દિવસે સંવત્સરી પર્વની આરાધના કરી.

બીજા વર્ષથી સમસ્ત સંઘે ઠરાવ્યું કે હવેથી દર વર્ષે ભા. સુદ પાંચમને આગલે દિવસે ભા. સુદ ચોથના દિવસે સંવત્સરી મહાપર્વ ઉજવવું. બસ, ત્યારથી લગભગ ૧૧૦૦ વર્ષ સુધી હિંદના સમસ્ત સંઘે અવિભક્તપણે ભા. સુદ ચોથને દિવસે સંવત્સરી પર્વ ઉજવ્યું છે, અને આજે પણ એ જ અણંતર ચોથે સંવત્સરી પર્વ ઉજવાય છે.

જૈનધર્મી રાજા વચ્છરાજ:- ગુડશસ્ત્રપુરમાં જૈન સંઘ ઉપદ્રવને દૂર કરનાર આર્ય ખપુટાચાર્યના પ્રભાવ અને પ્રતિબોધથી ત્યાંનો રાજા વેણી વચ્છરાજ જૈનધર્મી બન્યો હતો, અને તેણે પૂર્વે બનાવેલ તારામંદિરના સ્થાને સિદ્ધાયિકામંદિર તેમજ સિદ્ધશિલા, કોટીશિલા વગેરે દેરાસરો કરાવ્યાં હતાં. લગભગ ૧૨૦૦ વર્ષ બાદ એ જ તારંગાતીર્થે ગુર્જરેશ્વર કુમારપાલે યશોદેવના પુત્ર દંડાધિપ અભયકુમાર પાસે ૩૨ માળનું ઉત્તુંગ જિનપ્રસાદ તૈયાર કરાવી, તેમાં ભ. અજિતનાથની પ્રતિષ્ઠા કરાવી હતી. વર્તમાનમાં આ સૌથી ઊંચુ જિનપ્રસાદ લેખાય છે.

ભક્તિપરાયણ શેઠ લલ્લિગ:- લલ્લિગ નામનો એક વણિક નિર્ધનતાથી કંટાળી દીક્ષા લેવા આ. હરિભદ્રસૂરિ પાસે ગયો, સૂરિજીએ તેને દીક્ષા આપવાનું ઉચિત ન લાગતાં ઉપદેશ આપી જૈનધર્મમાં સ્થિર બનાવ્યો. ત્યારબાદ લલ્લિગે વ્યાપાર ખેડતા તે ખૂબ ધન કમાયો અને શેઠ બની ગયો. આચાર્યશ્રીના ઉપકારને યાદ કરી તેણે એક રત્ન લાવી ઉપાશ્રયમાં મુકાવ્યું. આ રત્ન દીવાની જેમ


www.jainuniversity.org

પ્રકાશ આપતું હતું. તે પ્રકાશમાં રાત્રે પણ આચાર્યશ્રી ગ્રંથ લખી લેતા હતા. લલ્લિગ શેઠ આચાર્યશ્રીના ગોચરીના સમયે શંખ વગાડી યાચકોને એકઠા કરી, તેને ભોજન કરાવતો હતો. આ યાચકો પણ આચાર્યશ્રીને નમસ્કાર કરી 'ભવવિરહ થાઓ' નો આશીર્વાદ લઈ 'ભવવિરહ સૂરિ ઘણું જીવો' એમ બોલી ચાલ્યા જતા. લલ્લિગ શેઠે આચાર્યશ્રીએ લખેલા ૧૪૪૦ ગ્રંથોની નકલો કરાવી સાધુઓને વહોરાવી હતી.

**પ્રતાપી વનરાજ ચાવડા અને જૈન પદાધિકારીઓ:-** પંચાસરનો રાજા જિયશિખરી યુદ્ધમાં મૃત્યુ પામ્યો ત્યારે તેની રાણી રૂપસુંદરી ગર્ભવતી હતી. તે પોતાના ભાઈ સુરપાળ સાથે નાસીને વનમાં આવી. ત્યાં એક બાળકને-વનરાજને જન્મ આપ્યો. એકવાર આ. શીલગુણસૂરિ તે રસ્તે થઈને જતાં, તેમણે ઝાડની ડાળીએ લટકતી ઝોળીમાં બાળ વનરાજને જોયો. તેના લક્ષણોથી જાણ્યું કે, 'આ બાળક ભાવિમાં પ્રતાપી પુરૂષ થશે.' સૂરિજીએ રાણી રૂપસુંદરીની વીતક કથા સાંભળી તેના રક્ષણ માટે આશ્વાસન આપ્યું. પછી બંનેને પંચાસરના ઉપાશ્રયે લાવી, તેના રક્ષણની જવાબદારી શ્રાવકોને સોંપી. બાળ વનરાજ મોટો થતાં તેના મામા સુરપાળની સાથે તેની ટોળીમાં રહેવા લાગ્યો. ત્યાં યુદ્ધકળા વગેરેમાં નિપુણ બની મહાપરાક્રમી બન્યો અને પિતાનું પંચાસર રાજ્ય પાછું મેળવ્યું તેમ જ ગુજરાતના રાજ્યનો પાયો નાંખ્યો. વિ.સં. ૮૦૨માં અક્ષયતૃતીયાના દિવસે અણહિલપુર પાટણની તેણે સ્થાપના કરી અને એ દિવસે જ જિનમંદિરનો પાયો નાખ્યો. મંદિર તૈયાર થતાં પંચાસરથી ભ. પાર્શ્વનાથની પ્રતિમા લાવી પ્રતિષ્ઠા કરાવી. આ પંચાસરા પાર્શ્વનાથ મંદિરનું બીજું નામ 'વનરાજ વિહાર' પણ છે. ગુજરાતની રાજધાની પાટણ બનતાં વનરાજે રાજતિલક કરવાનું માન પોતે માનેલી બહેન શ્રીદેવની આપ્યું, જે કાકર ગામના શેઠની બહેન હતી. વનરાજ ચાવડાએ ગુજરાતના મહાન સામ્રાજ્યની સ્થાપના કરી, તેમાં તેને પ્રાપ્ત આ. શીલગુણસૂરિ અને તેમના પટ્ટધર આ. દેવચંદ્રસૂરિની કૃપા, વાત્સલ્ય અને શિક્ષાદાન મુખ્ય હતાં ને બુદ્ધિશાળી જૈનોની પૂરી મદદ હતી. રાજ્યનાં અધિકારીઓ મોટા ભાગના જૈન જ હતા. મહાકવિ નાનાલાલ જણાવે છે કે, "પંચાસરનું રાજ્ય વનરાજના હાથમાં હતું, તેને આ. શીલગુણસૂરિનો આશ્રય મુખ્ય હતો. જો તેમ ન થયું હોત તો પાટણ તથા સોલંકી રાજ્ય હોત જ નહીં, એટલું જ નહીં, પાટણ જે ગુજરાતના પાટનગર તરીકે સાત સૈકા સુધી રહ્યું તે જૈનોને આભારી છે. કેમ કે પાટણમાં રહી જૈનોએ શું કર્યું તે માટે સાત સૈકાના ઈતિહાસમાંથી ઘણું મળે છે." ('વંથલી જૈન પરિષદ'માં આપેલ પ્રવચન. તા.૨૭-૬-૧૯૨૫ના 'જૈન' પત્રમાંથી સાભાર ઉદ્ધૃત.)

રાજા વનરાજના મંત્રીઓમાં શ્રીમાળી ચાંપો, શ્રીમાળી જાંબ, નીના પોરવાડ અને મોઢજ્ઞાતિય આશક વગેરે જૈનધર્મી હતા. મંત્રી ચાંપાએ ચાંપાનેર વસાવ્યું. શ્રીમાળી જાંબને તેના પરાક્રમથી ખુશ થઈ વનરાજે પોતાના વચન પ્રમાણે મંત્રી બનાવ્યો. તેનાં વંશ જ સજ્જન અને જગદેવ દંડનાયકો હતા.

જગદેવનો પુત્રક્ષ અભયકુમાર મંત્રી હતો. તેના પુત્ર વસંતરાજે ‘નંદીશ્વર તીર્થ’નો પટ્ટ ભરાવી ૧૨૫૬માં ગિરનાર તીર્થે આ. દેવેન્દ્રસૂરિના હસ્તે પ્રતિષ્ઠા કરાવી હતી. નીના પોરવાડના પૂર્વજો ભિન્નમાલ છોડી ગાંભુમાં આવી વસ્યા. ત્યાંથી  નીના શેઠ રાજા વનરાજના આમંત્રણથી પાટણ આવી વસ્યો. તેણે પોતાના વિદ્યાધરગચ્છ માટે અહીં ભ. ઋષભદેવનું મોટું મંદિર બંધાવ્યું. વનરાજે તેને દંડનાયક બનાવ્યો. જેમ મંત્રી કલ્પકે નંદ રાજયને મંત્રીવંશ આપ્યો હતો તેમ આ નીના પોરવાડે ગુજરાતને મંત્રીવંશ આપ્યો છે. તેનો વંશ જ લહિર (લહર) ચાવડાવંશના છેલ્લા રાજાઓ સુધી અને સોલંકી મૂળરાજના સમયમાં દંડનાયક રહ્યો છે. તેના વંશ જો વીર અને નેઢ સોલંકી રાજ્યકાળમાં પાટણના દંડનાયકો બન્યા છે. વીરનો બીજા પુત્ર વિમલ રાજા ભીમદેવ સોલંકીના સમયે દંડનાયક અને મંત્રી બન્યો છે. આ જ રીતે સોલંકી શાસનમાં નેઢની વંશપરંપરામાં મંત્રી ધવલ, મહામાત્ય લાલિગ, મંત્રી મહિન્દુ, મહામંત્રી આનંદ, મહામંત્રી પૃથ્વીરાજ, દંડનાયક નાગાર્જુન અને મહામાત્ય ધનપાલ થયા છે. નીના પોરવાડના આ વંશજોમાં મંત્રી વિમલે આબુ–દેલવાડામાં જગપ્રસિદ્ધ એવું ‘વિમલવસહી’ જિનમંદિર બંધાવ્યું છે. (તેનો પરિચય વિગતે અન્યત્ર આપેલ છે.) જ્યારે મહામંત્રી પૃથ્વીપાલે સં. ૧૨૦૬માં પદયાત્રા સંઘ સાથે આબુ તીર્થે આવી ‘વિમલવસહી’નો જીર્ણોદ્ધાર કર્યો છે. તેના પુત્ર ધનપાલે ચોવીશ જિનપ્રતિમાઓ ભરાવી ‘વિમલવસહી’માં આ. સિંહસૂરિના હસ્તે તેની અંજનશલાકા–પ્રતિષ્ઠા કરાવી છે. આ જ ધનપાલની વિનંતીથી નાગેન્દ્રગચ્છના આ. હરિભદ્રસૂરિએ સં. ૧૨૫૦માં ‘ચંદ્રપ્રભ ચરિત્ર’ વગેરેની રચના કરી છે.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

**દેવ–ગુરૂ–ધર્મપ્રેમી કનોજનો રાજા આમ:–** કનોજનો રાજકુમાર આમ એક દિવસ પિતા યશોવર્મથી રીસાઈને મોંઢેરા ચાલ્યો ગયો. ત્યાં તેને મોઢગચ્છના આચાર્ય સિદ્ધસેનસૂરિના શિષ્ય બાલમુનિ બપ્પભટ્ટિ સાથે નિકટનો સંસર્ગ થતાં ગાઢ સ્નેહ બંધાયો, જે આગળ જતાં તેના માટે પ્રેરણારૂપ અને કલ્યાણકારી બન્યો. રાજકુમાર આમ કેટલાંક સમય બાદ કનોજ પાછો આવ્યો અને પિતાના અવસાન બાદ રાજા બન્યો. કનોજની ગાદીએ આવતાં જ તેણે મુનિ શ્રી બપ્પભટ્ટીને નિમંત્રિત કરી કનોજ બોલાવી લીધા. તેની સાગ્રહ વિનંતીથી આ. સિદ્ધસેનસૂરિએ ૧૧ વર્ષના મુનિ શ્રી બપ્પભટ્ટીને સં.૮૧૧માં આચાર્ય પદે વિભૂષિત કર્યા.

આમ રાજા તેના પૂર્વજોની જેમ શૈવધર્મી હતો, છતાં આ. બપ્પભટ્ટસૂરિના સમાગમ તથા ઉપદેશથી તે જૈનધર્મનો અનુરાગી બન્યો હતો. તેણે કનોજમાં ૧૦૧ હાથ ઉંચો આમવિહાર બનાવી તેમાં વિ.સં. ૮૨૬માં લગભગમાં ૯ રતલ પ્રમાણ સોનાની ભ. મહાવીરસ્વામીની પ્રતિમાની તેમજ ગ્વાલિયરના કિલ્લામાં ડેલી–કિલ્લાવાળું ૨૩ હાથનું જિનાલય બંધાવી તેમાં ભ. મહાવીરસ્વામીની લેપ્યમય પ્રતિમાની

આ. બપ્પભટ્ટસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. આમ રાજાએ તીર્થયાત્રાનો સંઘ પણ કાઢ્યો હતો. આ સંઘમાં સૂરિવર સાથે જ હતા, જેનું ખાસ એક કારણ–તાત્પર્ય હતું.

આ અરસામાં દિગમ્બરો જુનાગઢના રા'ખેંગારને પોતાનો કરી ગિરનાર તીર્થનો કબજો જમાવી બેઠા હતા. એવામાં ગોંડલના ધારશી શાહ સંઘ કાઢીને ગિરનાર આવતાં, રા'ખેંગારે યાત્રા કરવા રોક્યો, પરિણામે યુદ્ધ થયું અને ધારશી શાહના ૭ પુત્રો અને ૭૦૦ સુભટો માર્યા ગયા. ધારશી શાહે ગ્વાલિયર જઈને આ. બપ્પભટ્ટસૂરિના વ્યાખ્યાનમાં ધા નાખી. આ આચાર્યશ્રીએ પ્રસંગોપાત ગિરનાર તીર્થનું માહાત્મય વર્ણવ્યું અને આમ રાજાએ ગિરનાર તેમજ શત્રુંજય વગેરેની યાત્રા કરવાનો નિર્ણય કરી આ૦ બપ્પભટ્ટસૂરિના સાંનિધ્યમાં સંઘ કાઢ્યો.

સંઘ શત્રુંજય તીર્થની યાત્રા કરી ગિરનાર પહોંચ્યો. ત્યાં દિગમ્બર તરફના ૧૧ રાજાઓ મોટા સૈન્ય સાથે તલાટીમાં આવી પડ્યા હતા. ઘણા દિગમ્બર આચાર્યો અને શ્રાવકો પણ તેની સાથે હતા. તેઓ દિગમ્બર સિવાયનાને ઉપર યાત્રાએ જવા દેતા ન હતા. તેઓએ આ સંઘને પણ રોક્યો. પરિણામે યુદ્ધની તૈયારી બન્ને પક્ષમાં થવા લાગી, પરંતુ આ. બપ્પભટ્ટસૂરિએ દરેકને શાંત પાડ્યા અને જણાવ્યું કે, આ ધર્મકાર્યમાં મનુષ્યોનો સંહાર ન શોભે. અમે આચાર્યો મળીને નિર્ણય લાવીશું. પ્રથમ તો બંને પક્ષના આચાર્યો વચ્ચે શાસ્રાર્થ થયો, તેમાં દિગમ્બર આચાર્યો હાર્યા. છેવટે 'અંબિકાદેવી મારફત આ તીર્થનો નિર્ણય કરવો' એમ નક્કી થયું. તેમાં પણ નિર્ણય શ્વેતામ્બર તરફી સ્પષ્ટ રીતે મળતાં પરાજિત દિગમ્બરો ત્યાંથી ચાલ્યા ગયા, ગિરનાર તીર્થ પહેલાંની જેમ શ્વેતામ્બર તીર્થ બન્યું અને આમરાજાનો સંઘ ગિરનાર તીર્થની ક્ષેમકુશળતાપૂર્વક ભાવભક્તિથી યાત્રા કરવા સદ્‌ભાગી બન્યો. ત્યાંથી દામોદર, માધોપર, શંખોદ્ધારના બેટ–દ્વારકા, પ્રભાસ પાટણ–સોમનાથ વગેરેની પણ યાત્રા–દર્શન કરી સંઘ સાથે આમરાજા પણ ધન્ય બની ગયો.

આમરાજાનો પૌત્ર મહાપ્રતાપી રાજા ભોજ પણ આ. બપ્પભટ્ટસૂરિનો અનન્ય રાગી હતો. આચાર્ય શ્રી કાળધર્મ પામતાં તેને ખૂબ આઘાત લાગ્યો હતો. તેમની પાટે આ. ગોવિંદસૂરિને સ્થાપી તેમના ઉપદેશથી રાજા ભોજે અનેક ધર્મકાર્યો કરી જૈનશાસનની પ્રભાવના કરી હતી.

ચિત્તોડનો પ્રતિભાશાળી રાજા અલ્લટરાજ:– ચિત્તોડના સિસોદિયા વંશનો પ્રતિભાશાળી રાજા અલ્લટરાજ જૈનધર્મી હતો. તે અનેક જૈનાચાર્યોના ઉપકારથી ધન્ય બન્યો હતો, તેમાં આ. વાસુદેવસૂરિ પ્રાયઃ પહેલવહેલા હતા. સૂરિજી મુનિપણામાં હત્થુંડી પધાર્યા અને તેમણે ત્યાં રહ્યા રહ્યા જ અલ્લટરાજની રાણીનો રેવતી દોષ શમાવ્યો. પરિણામે અલ્લટરાજે તેઓશ્રીને શ્રદ્ધાથી વાંદ્યા, જૈન મુનિના માર્ગાદિની તેમની ધર્મવાણી સાંભળી, તેમને આચાર્યના સ્થાને આરૂઢ કર્યા, અનેક શ્રાવકો કરી આપ્યા અને

હત્થુંડીના રાજા વિદગ્ધરાજને પણ તેમની સેવા કરવા સૂચવ્યું. આ ઘટના વિ. સં. ૯૭૩ પહેલાં બની છે. પછી તો અલ્લટરાજે બીજા વિદ્વાન આચાર્યોને પણ પોતાની રાજસભામાં નિમંત્રી ખૂબ સન્માન્યા છે. આચાર્ય નન્નસૂરિ (નંદક સૂરિ)ને તે ગુરૂ તરીકે માનતો હતો. તેની રાજસભામાં આ. મલ્લવાદીના વડીલ ગુરૂભાઈ આ. જિનયશસૂરિએ પ્રમાણ ગ્રંથનું વ્યાખ્યાનન કર્યું હતું. અલ્લટરાજની તલપાટકની સભામાં આ. પ્રદ્યુમ્નસૂરિએ દિગમ્બરાચાર્યને શાસ્રાર્થમાં જીતી પોતાનો શિષ્ય બનાવ્યો, જેની યાદગીરીમાં ચિતોડના કિલ્લામાં જૈન વિજયસ્તંભ બન્યો છે.

આ વિજયસ્તંભનો જીર્ણોદ્ધાર પોરવાડ સંઘપતિ કુમારપાળે કરાવ્યો હતો. વિ. સં. ૧૪૮૫માં આ સ્તંભ પાસેના ભ. મહાવીરસ્વામીના જિનાલયનો જીર્ણોદ્ધાર સંઘપતિ ગુણરાજે ચિત્તોડના રાણા મોકલસિંહની આજ્ઞાથી કરાવ્યો અને આ. સોસુંદરસૂરિના હાથે તેમાં ભ. મહાવીરસ્વામીની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. રાજા અલ્લટે આહડમાં ભ. પાર્શ્વનાથનું દેરાસર બનાવી તેમાં આ. યશોભદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી.

વિદગ્ધરાજ અને તેના વંશજો:– હત્થુંડીના રાઠોડ વંશના રાજા વિદગ્ધરાજે તેના મિત્ર મેવાડના રાજા અલ્લટના કહેવાથી આ. વાસુદેવસૂરિને હત્થુંડી પધારવા વિનંતી કરી, અને સૂરિજીના આગમન અને ઉપદેશથી તેણે જૈનધર્મ સ્વીકાર્યો. રાજા વિદગ્ધરાજે હત્થુંડીમાં જિનચૈત્ય બનાવી તેમાં વિ. સં. ૯૭૩માં ઉક્ત સૂરિજીના હાથે ભ. ઋષભદેવની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી. તેના નિભાવ માટે આચાર્યશ્રીના જ્ઞાનભંડાર માટે ખેતી તથા વ્યાપાર જુદા જુદા લાગાઓ નાખી કાયમી દાનશાસન કરી આપ્યું. ત્યાર બાદ તેના પુત્ર મમ્મટરાજે પિતાના દાનશાસનમાં વધારો કરી વિ. સં.૯૯૬માં બીજું દાનશાસન લખી આપ્યું. તેના પુત્ર ધવલરાજે આ. શાંતિભદ્રસૂરિના ઉપદેશથી દાદાના મંદિરનો જીર્ણોદ્ધાર કરી તેમાં નવા આદિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરાવી. તેના ખરચ માટે પીપળીયા કુવાની જમીનમાં દાનમાં આપી. એક ઉલ્લેખ એવો મળે છે કે, સં. ૧૨૦૮માં હત્થુંડીના રાજાએ અંચલગચ્છના આ. જયસિંહસૂરિના ઉપદેશથી ભ. મહાવીરસ્વામીનું મંદિર બનાવ્યું હતું.

ગુણગણ સમ્પન્ન શ્રેષ્ઠી જગદેવ:– વારાહી નગરનો શ્રીમાલી યશોધવલ રાજા સિદ્ધરાજ–જયસિંહના શાસનમાં ખજાનચી (ભંડારી) હતો. તેને જગદેવ નામે પુત્ર હતો. કુમાર જગદેવની કવિતાથી પ્રસન્ન થઈ આ. હેમચંદ્રસૂરિએ તેનું બીજું નામ 'બાલકવિ' રાખ્યું હતું. આ. ધર્મઘોષસૂરિએ પોતાના શિષ્યપરિવારમાં શિથિલતા ન પેસે તેની દેખરેખ માટે બનાવેલ શ્રમણોપાસક સમિતિનો તે એક સમયે વડો હતો. જગદેવ વાદવિજયી પણ હતો. તેણે ઉજ્જૈનમાં નરવર્મ રાજાની સભામાં શૈવવાદીને હરાવ્યો હતો. જગદેવ તેમ

જ રાજજ્યોતિષી રૂદ્રનો પુત્ર મંત્રી નિન્નો અને ચૂદન ભટ્ટ–આ ત્રણે જૈનધર્મની ઉન્નતિમાં ઘણો રસ લેતા હતા. જગદેવને આ. મુનિરત્નસૂરિ પ્રત્યે અવિહડ પ્રેમ હતો. તેની વિનંતીથી સૂરિજીએ સં. ૧૨૫૨માં 'અમરચરિત્ર' બનાવ્યું હતું. સોલંકીયુગમાં એક બીજો પણ જગદેવ થઈ ગયો. ગિરનાર તીર્થનો મોટો ઉદ્ધાર કરાવનાર દંડનાયક સજ્જનનો તે પુત્ર હતો અને સૌરાષ્ટ્રનો દંડનાયક પણ બન્યો હતો.

જૈનોમાં ૮૪ જ્ઞાતિઓઃ– જેમ જૈન શ્રમણોમાં ૮૪ ગચ્છો થયા છે તેમ ગૃહસ્થ જૈનોમાં પણ ગામ વગેરેના કારણે ૮૪ જ્ઞાતિઓ બની. જેમ કે ઓસવાલ, શ્રીમાલ, પોરવાલ, પલ્લીવાલ, ડીસાવાલ, અગ્રવાલ, નાગવંશ, સાવયકુલ, હુંબડ વગેરે. પ્રાચીનકાળમાં ૮૪ જ્ઞાતિઓ જૈન હતી.

jainuniversity.org

## ચૌલુક્ય અર્થાત્ સોલંકી રાજવંશ અને જૈનધર્મનો પ્રભાવ

ચૌલુક્ય એ કનોજના પ્રતિહાર વંશની એક શાખા છે. પ્રતિહારવંશ મૌર્યવંશમાંથી ઊતરી આવ્યો. એ રીતે ચૌલુક્યો પણ મૌર્ય ચંદ્રગુપ્તના વંશજો હતા. ચૌલુક્ય વંશના રાજાઓ મોટાભાગે દક્ષિણમાં અને ગુજરાતમાં થયા છે. દક્ષિણમાં ચૌલુક્ય વિજયાદિત્યના વંશજોએ અને ગુજરાતમાં ચૌલુક્ય સામંત રાજિના વંશજોએ ભોગવ્યું હતું. ગુજરાતના ચૌલુક્ય રાજવીઓ જૈનધર્મ અને શૈવધર્મને સમાનભાવે માનતા હતા. આ રાજવીઓમાં જયસિંહ સિદ્ધરાજ અને કુમારપાળના સમયમાં જૈનધર્મનો પ્રચાર–પ્રસાર અને પ્રભાવ સર્વ રીતે વિસ્તર્યો હતો. તેમાં એ સમયના જૈન મહામંત્રીઓ, દંડનાયકો, શ્રેષ્ઠીઓ વગેરેનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો હતો.

सर्व ज्ञानाय भवतु

ગુજરાતનું રાજ્ય સ્થાપનાર વનરાજ ચાવડા પછી ચૌલુક્ય સામંત રાજિનો પુત્ર મૂળરાજ સં. ૯૯૮માં ગુજરાતની ગાદીએ આવ્યો. તેણે પાટણમાં મૂળરાજવસતિ નામે જિનમંદિર બંધાવ્યું. મૂળરાજ પછી તેનો પુત્ર ચામુંડરાય ગાદીએ આવ્યો. તેણે આ. વીરગણિના ઉપદેશથી થરાના વલહીનાથના મંદિરમાં કોઈ હિંસા ન કરે તેવું તામ્રશાસન કરી આપ્યું અને સં.૧૦૩૩માં વડસમાના જિનાલયના નિભાવખર્ચ માટે ખેતર આપી તેનું પણ તામ્રશાસન લખી આપ્યું. તેણે પોતાના ધર્મગુરૂ વીરગણિને મોટા ઉત્સવથી આચાર્યપદ અપાવ્યું. ચામુંડરાયનો બીજો પુત્ર દુર્લભરાજ સં.૧૦૬૬માં ગાદીએ આવ્યો. દુર્લભરાજ આ. જિનેશ્વરસૂરિને બહુ માનતો. આચાર્ય શ્રી પ્રકાંડ વિદ્વાન અને પરમસંવેગી હતા. પાટણમાં ચૈત્યવાસી સિવાય સંવેગી–સુવિહિત સાધુઓને ઉતરવા–રહેવાનું સ્થાન ન મળતું. રાજાએ ચૈત્યવાસીઓને સમજાવી, તેમની સંમતિથી સંવેગી સાધુઓ પાટણમાં રહી શકે તેવી વ્યવસ્થા કરી. દુર્લભરાજ પછી તેના લઘુબંધી નાગરાજનો પુત્ર ભીમદેવ (પહેલો) સં.૧૦૭૮માં ગુજરાતની ગાદીએ આવ્યો. ભીમદેવની રાજસભામાં આ. દ્રોણાચાર્ય, આ. સૂરાચાર્ય, આ. ગોવિંદ, આ. વર્ધમાનસૂરિ વગેરે અવાર નવાર પધારતા અને

ઉપદેશ આપતા. રાજા ભીમદેવ તેઓનો પરમ ભક્ત હતો. આ. દ્રોણાચાર્ય સૂરાચાર્યના કાકા અને ભીમદેવના મામા થતા. આ સમયે રાજકુટુંબોમાં અને ગુજરાતમાં જૈનધર્મનું સ્થાન અદકેરું હતું. ઘણા ક્ષત્રિયોએ જૈનધર્મ સ્વીકાર્યો હતો. ભીમદેવ પછી તેનો પુત્ર કર્ણદેવ વિ.સં. ૧૧૨૦માં ગાદીએ આવ્યો. તેણે સાબરમતીના કિનારે કર્ણાવતી નગર વસાવ્યું. કર્ણદેવ પછી તેનો પુત્ર જયસિંહ સં. ૧૧૫૦માં ગુજરાતની ગાદીએ આવ્યો.

રાજા સિદ્ધરાજ જયસિંહઃ– શૈવધર્મી હતો છતાં તેના દિલમાં જૈનધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો. તેના પર અહિંસા, ત્યાગ, તપ, પરોપકાર અને સરસ્વતીની મૂર્તિ સમા જૈનાચાર્યોનો સાત્વિક પ્રભાવ તથા જૈનોની રાજવફાદારીની સબળ અસર હતી. સિદ્ધરાજે જેમ સરસ્વતીના કિનારે રૂદ્રમહાલય બંધાવ્યો તેમ ભ. મહાવીરનું દેરાસર પણ બંધાવ્યું. સોરઠમાં મંત્રી સજ્જનની દંડનાયક તરીકે નિમણુંક કરવામાં આવી. તેણે ગિરનાર પર ભ. નેમિનાથનો 'પૃથ્વીજયપ્રાસાદ' બંધાવ્યો. સિદ્ધરાજે તેના ખર્ચની રકમ ખજાનામાંથી આપવાનું કબૂલ કર્યું અને તેના નિભાવ માટે ૧૨ ગામ આપ્યાં. સિદ્ધરાજે શ્રી શત્રુંજય તીર્થની પણ યાત્રા કરી, ભ. ઋષભદેવની પૂજા કરી અને તેની પૂજા માટે ૧૨ ગામ બક્ષીસ કર્યાં. મહામંત્રસિદ્ધ આ. વીરસૂરિને આગ્રહ કરી પાટણ રાખ્યા અને તેમને સાંખ્યમતના વાદીભસિંહને જીતવા બદલ  રાજા સિદ્ધરાજે 'જયપત્ર' આપ્યું. રાંતેજના જિનમંદિરના બલાનકમાં ધ્વજ ચડાવી ચૈત્યનું ગૌરવ વધાર્યું. કાલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રને સૂરિપદ અપાવ્યું. આ. હેમચંદ્રસૂરિને વિનંતી કરીને તેમની પાસે સર્વાંગસુંદર નાની–મોટી ટીકાઓ અને અનુશાસનોથી સંપૂર્ણ 'સિદ્ધ–હેમચંદ્ર–શબ્દાનુશાસન' તૈયર કરાવ્યું. એ વ્યાકરણને હાથીના હોદ્દા ઉપર મૂકી સન્માન કરીને ભંડારમાં સ્થાપન કર્યું. ૩૦૦ લહિયા રોકી મોટો રાજકીય જ્ઞાનભંડાર વસાવ્યો. વ્યાકરણના અજોડ વિદ્વાન કકલ કાયસ્થની અધ્યક્ષતામાં તેનું પઠન–પાઠન શરૂ કરાવ્યું અને તે દ્વારા ગુજરાતનું ગૌરવ સ્થાપ્યું. તેમ જ ચૌલુક્યવંશ, રાજા સિદ્ધરાજ તથા આ. હેમચંદ્રસૂરિના નામ અમર બનાવ્યા. માલધારી આ. હેમચંદ્રસૂરિના ઉપદેશથી ગુજરાતમાં પર્યુષણાપર્વ, અગિયાર તથા મોટા દિવસોની અમારિ પ્રવર્તાવી અને તેના ઉપદેશથી પ્રસન્ન થઈને તેઓને દર સાલ ૮૦ દિવસોનું અમારિશાસન લખી આપ્યું. જિનાલયો પર સોનાના કળશ ચડાવ્યા. જિનમંદિરોના નિભાવ માટેના લાગા ચાલુ કરાવ્યા. ધંધુકા અને સાંચોર વગેરેમાં વરઘોડાની છૂટ આપી. રાજગચ્છના આ. ધર્મઘોષ તથા આ. સમુદ્રઘોષનું ભારે સન્માન કર્યું. દિગમ્બરાચાર્ય કુમુદચંદ્રને જીતવા બદલ આ. વાદદેવસૂરિને જયપત્ર આપ્યું અને તેમના ચરણોમાં સોનામહોરોની થેલી ધરી, જેને આચાર્યશ્રીએ લીધી નહીં. તેથી તે રકમથી પાટણમાં 'રાજવિહાર' નામે જૈન મંદિર બંધાવ્યું. તેમાં સં. ૧૧૮૩માં ચાર ગચ્છના ચાર આચાર્યોના હાથે ભ. ઋષભદેવની પ્રતિષ્ઠા કરાવી. જયસિંહ સિદ્ધરાજ પછી સં. ૧૧૯૯માં ગુજરાતની ગાદીએ કુમારપાળ આવ્યો.

 www.jainuniversity.org

ગૂર્જરેશ્વર કુમારપાળઃ– કુલપરંપરાએ શૈવ હતો, પણ સં.૧૨૧૬ પોતાના પરમોપકારી ગુરૂદેવ કલિકાલસર્વજ્ઞ આ. હેમચંદ્રસૂરિની પાસે સમ્યક્ત્વ સહિત બાર વ્રતો સ્વીકારી, નિત્ય સવારે મંગલપાઠ, નમસ્કારનો જાપ, વિતરાગસ્તોત્ર તથા યોગશાસ્ત્રનો અખંડપાઠ, ત્રિકાલપૂજા વગેરે કરવા સાથે શ્રાવકધર્મના નીતિ–નિયમો ચુસ્ત રીતે પાળવાપૂર્વક પરમ અર્હતોપાસક બન્યો. તેણે પોતાના રાજ્યમાં અમારિપટહ વગડાવ્યો. ૧૪ દેશના રાજાઓ સાથે મૈત્રી, જીવરક્ષા, સાત તીર્થયાત્રા કરી. ૧૪૦૦ (૧૪૪૪) જિનાલયો બંધાવ્યા. ૧૬૦૦ જિનમંદિરોના જીર્ણોદ્ધાર કરાવ્યા. ૭૦૦ લહિયા રોકી જૈન આગમો લખાવ્યાં. ૨૧ ગ્રંથભંડારો સ્થાપ્યા. અન્ય પણ અનેક ધર્મકાર્યો અને સદ્કાર્યો તેમના હાથે થયાં. (અન્યત્ર તેમનો જીવન પરિચય આપેલ હોય, વધુ ત્યાંથી જાણવું.)

ગુજરાતનાં સોલંકી (ચૌલુક્ય) રાજ્યકાળમાં મહામંત્રીઓ વીર મહત્તમ, નેઢ, વિમલશાહ, શાંતૂ મહેતા, મુંજાલ, આશૂક, આલિગ, ઉદાયન, બાહડ, કપર્દી વગેરે અને દંડનાયકો આંબડ, સજ્જન વગેરે તથા ખર્ચખાતાના પ્રધાન જાહિલ, દુર્લભરાજ, યશોધવલ, શ્રીમાલી વગેરે જૈન હતા. મહામાત્ય આલિગે સિદ્ધપુરમાં ચતુર્મુખવિહાર બંધાવ્યો હતો. મંત્રી આંબડે પાટણના કુમારવિહારમાં રૂપાની શ્રી ઋષભદેવની પ્રતિમા સ્થાપન કરી હતી, અને ભરૂચમાં શકુનિકા–વિહારનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. અન્ય મંત્રીઓ, દંડનાયકો વગેરેએ પણ અનેક ધર્મકાર્યો કરી જૈનધર્મની પ્રભાવના વિસ્તારી હતી, તે તે ધર્માત્માઓના પરિચયો અલગ રીતે પ્રસ્તૃત ગ્રંથમાં આપવામાં આવ્યા છે.

પાટણમાં કુબેરદત્ત નામે દરિયાઈ વેપારી હતો. તે ૬ કરોડ દ્રવ્યનો સ્વામી હતો. કુારપાળે ૭૨ દેરીઓવાળા ત્રિભુવનવિહારમાં જેમને સાથે રાખી પ્રતિષ્ઠા, મહાપૂજા, ધ્વજ, કલશ વગેરે કર્યા તેમાં કુબેરદત્ત પણ સાથે હતો. તેના ઘરમાં રત્નજડિત મંદિર હતું, જેનું ભૂમિતળિયું પણ રત્નોથી જડેલ હતું. ચંદ્રકાંત–મણિની જિનપ્રતિમા હતી. તેના મરણ પછી, તેને સંતાન ન હોય, અપુત્રિયાનું ધન રાજાને મળે–એ ન્યાયે કુબેરદત્તની એ અઢળક મિલ્કત / ધન પર તેનાં પત્ની કે માતાનો કોઈ અધિકાર ન રહ્યો. પરંતુ રાજા કુમારપાળે પરાપૂર્વથી ચાલ્યો આવતો રૂદતીધનનો પટ્ટો રદ કરી નારીજાતીને પુરૂષ સમાન હક્કવાળી માનીને તેને પતિ વગેરેનું ધન–મિલ્કત મળે એવો નવો કાયદો બનાવ્યો. આમ, ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીના સમાન હક્કનો પહેલવહેલો કાયદો એ સમયે થયો.

શેઠ આભડઃ– અજયપાલને રાજા બનાવવાની તરફેણમાં હતો, પરંતુ પાછળથી, અજયપાલે ગાદીએ આવી જિનમંદિરો તોડવા સાથે અનેક દુષ્કૃત્યો આચરતા, તે પસ્તાયો. તેણે બીજા જિનમંદિરોને રાજાના કોપમાંથી બચાવવા યુક્તિ રચી. રાજાના પ્રીતિપાત્ર શીલણ ભાંડને ઘણું ધન આપી તૈયાર કર્યો. શીલણે સાંઠીઓનો એક પ્રસાદ બનાવ્યો. રાજા અજયપાલને પોતાને ત્યાં નિમંત્રી, તીર્થયાત્રાએ જવાની ઈચ્છા વ્યક્ત કરી, પોતાના પાંચે પુત્રો તથા આ પ્રસાદ ભળાવ્યા. ચીલણ સૌની રજા લઈ રવાના થયો.

હજુ થોડે દૂર પહોંચ્યો નથી ત્યાં તો તેના પાંચે પુત્રોએ આ પ્રસાદને ડાંગો વડે તોડી–ફોડી જમીનદોસ્ત કરી દીધો. શીલણ તોડવાનો અવાજ સાંભળી પાછો ફર્યો અને રોષ ચડાવી બોલ્યો: “રે અભાગિયાઓ ! આ કુનૃપ છે તે તો સારો છે પરંતુ  તમે મારા કુપુત્રો તો તેનાથીયે અધમ છો. રાજાજીએ તો પોતાના પિતાના મરણ બાદ તેનાં ધર્મસ્થાનો તોડી નાખ્યાં, જ્યારે તમે તો હું સો ડગલા દૂર પહોંચુ એટલીયે રાહ ન જોઈ !”

રાજા અજયપાલ આ હકીકત સાંભળી શરમાઈ ગયો. તેણે  દેરાસરો તોડવાનું કામ ત્યારથી બંધ કર્યું, એટલે બાકીનાં દેરાસરો બચી ગયાં અણને જૈનો પોત–પોતાના અધિકાર પદે કાયમ રહ્યા.

jainuniversity.org

જૈનધર્મી રાજાઓ વિજયવંત, કાન્હડદે, અરણ્યરાજ વગેરે:–

વિજયવંત:– તે લોહિયાણનો રાજા બન્યો, પણ મોટાભાઈ જયવંતે તેનું રાજ્ય ખૂંચવી લીધું. આથી તે પોતાના મોસાળમાં બેન્નાતટ (બેણપ) મદદ લેવા ગયો પણ ચોમાસું આવી જવાથી તે શંખેશ્વરતીર્થમાં રહ્યો. અહીં આ. સર્વદેવસૂરિના ઉપદેશથી સં. ૭૨૩માં જૈનધર્મપ્રેમી બન્યો. પછી મામા વજસિંહે જયવંતને સમજાવ્યો આથી વિજયવંતને લોહિયાણનું રાજ્ય પાછું મળ્યું. તેણે આ. સર્વદેવસૂરિને લોહિયાણમાં પધરાવી, તેમનો ઉપદેશ સાંભળી જૈનધર્મ સ્વીકાર્યો. શ્રાવકનાં બાર વ્રત લીધાં અને ભ. ઋષભદેવનું જિનમંદિર બંધાવ્યું.

જાલોરનો ચૌલુક્ય રાજા કાન્હદે સં.૭૩૧ આસપાસમાં આ. સ્વાતિસૂરિના ઉપદેશથી જૈન બન્યો. તેણે જાલોરમાં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું દેરાસર બંધાવ્યું. તેના વંશજ ઠા. રાવજીએ આ. જયસિંહસૂરિના ઉપદેશથી પ્રભાવિત થઈ સં.૧૨૨૯માં જૈનધર્મ સ્વીકાર્યો અને થરપારકરમાં આવેલ પિલુડી ગામમાં જિનમંદિર બંધાવ્યું.

સત જ્ઞાનાય ભવતુ

ચંદ્રાવતીના પરમારવંશના રાજા અરંણ્યરાજે એકવાર અચલગઢની તલેટીના જિનમંદિર પિત્તળની પ્રતિમાને ગળાવી નાખી તેનો નંદી બનાવ્યો. આથી તેને કોઢ રોગ ફૂટી નીકળ્યો. અનેક ઉપાયો કર્યા, પણ તે નિષ્ફળ ગયા. અંતે આ. શીલધવલસૂરિના ઉપદેશથી  પ્રાયશ્ચિત્ત રૂપે નવા જિનપ્રતિમા ભરાવી, તેનું ન્હવણજળ શરીરે લગાડતાં કોઢ દૂર થયો. રાજાએ સં. ૧૦૧૧માં ધાંધાર પ્રદેશમાં પાલનપુર વસાવ્યું. ત્યાં રાજવિહાર બંધાવી તેમાં ભ. પાર્શ્વનાથની પ્રતિષ્ઠા કરાવી. આ સ્થાન આજે પાલનપુરમાં પલ્લવિયા પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધ છે.

નાડોલના ચૌહાણ રાજાઓ:– કટુકરાજે યુવરાજકાળમાં સં. ૧૧૭૨માં સેવાડીમાં ભ. મહાવીર સ્વામીના જિનાલયના નિભાવ માટે ૮ દ્રમનો ખર્ચ બાંધી આપ્યો. તેના પુત્ર આહ્લણદેવે સં. ૧૨૦૯માં કિરાડુ

વગેરે ગામોમાં ૮, ૧૧, ૧૪ તિથિઓમાં અમારિ પ્રવર્તાવી. તેની રાણીએ સં. ૧૨૨૧માં સાંડેરાવ (સંડેરક)ના જિનાલયમાં ભ. મહાવીરસ્વામીના જન્મોત્સવ માટે વાર્ષિક લાગો બાંધી આપ્યો. તેના પુત્ર કેહ્‌લણદેવે માંસની બલિપ્રથા બંધ કરાવી. રાણી જહ્‌લણાએ સં. ૧૨૩૬માં ભ. પાર્શ્વનાથના મંદિરમાં સ્તંભ કરાવ્યો તેમજ સાલિયાણું બાંધી આપ્યું. રાજકુમાર મોઢલે સં. ૧૨૪૧માં ધંધાણક (ધાંધાણી) તીર્થમાં ભગવાન મહાવીરસ્વામીના દેરાસરની વર્ષગાંઠ માટે ખર્ચ બાંધી આપ્યો. પુત્રી શૃંગારદેવીએ સં. ૧૨૫૫માં ઝાડોલીના શ્રી મહાવીરસ્વામી દેરાસર માટે મોટી આવકની કૂવાવાળી જમીન ભેટ આપી. આમ, નાડોલ રાજ્યના રાજાઓ પ્રાચીનકાળથી જૈનધર્મપ્રેમી હતા.

મેવાડના રાણા જૈત્રસિંહે આ. જગચ્ચંદ્રસૂરિના ત્યાગ અને તપથી પ્રભાવિત બની તેમને સં. ૧૨૮૫માં આહડનગરમાં 'તપા'નું બિરૂદ આપ્યું, એ સમયથી તે આચાર્યનો સમુદાય 'તપાગચ્છ' નામથી પ્રસિદ્ધિ પામ્યો. વળી, રાણા જૈત્રસિંહ ચિત્તોડની રાજસભામાં આ. જગચ્ચંદ્રસૂરિજીને સાત વાદીઓને હરાવતા તેમને હીરાનું માનવતું બિરૂદ આપ્યું, તે સમયથી આચાર્ય 'હીરલા જગચ્ચંદ્રસૂરિ' એવા નામે વિખ્યાત થયા. રાણા જૈત્રસિંહ અને તેની રાણી પરમ જૈન બન્યાં હતાં. તે પછી તેની ત્રણ પેઢીઓ સુધી રાજા–રાણા અને રાણીઓએ જૈનધર્મનું પાલન કર્યું.

રાણાઓએ મેવાડમાં જ્યાં જ્યાં કિલ્લો કર્યા ત્યાં ત્યાં પહેલાં ભ. ઋષભદેવનું મંદિર બનાવ્યું અને તપાગચ્છના આચાર્યોને માનવા, પૂજવા, રાજ્યના રસાલાથી તેમનો રાજધાનીમાં પ્રવેશ કરાવવો એવી મર્યાદા બાંધી હતી, જે આજ દિન સુધી ચાલુ હતી.

શ્રેષ્ઠીવર્યોની જિનભક્તિ, શ્રુતભક્તિ, તીર્થભક્તિ આદિઃ–

પાલીના ગજસિંહ તથા જગન્નાથ ચૌહાણના રાજ્યમાં શ્રી શ્રીમાલી ચંડાલેચા ગોત્રના ઈશ્વર અટોલ વગેરેએ ભ. શાંતિનાથની પ્રતિમા ભરાવી અને સં. ૧૬૮૬માં તેની ચૈત્રગચ્છની શાર્દૂલ શાખાના રાજગચ્છના ભ. ચંદ્રસૂરિ પટ્ટે ભ. રત્નચંદસૂરિએ ઉ. તિલકચંદ તથા મુનિ રૂપચંદના હાથે પ્રતિષ્ઠા કરાવી. તેઓએ પાલીના નવલખા જિનપ્રાસાદનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તેમાં મૂળનાયક ભ. શ્રી પાર્શ્વનાથને બિરાજમાન કર્યા અને બીજી ૨૪ જિનપ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી, સોનાનો કળશ ચઢાવ્યો.

આશાપાલ્લીમાં શ્રી વિદ્યાસિંહના પુત્ર મન્મથસિંહે રચેલા 'સુક્તરત્નાકાર મહાકાવ્ય ધર્માધિકાર'ની ચાર પ્રતિઓ સં. ૧૩૪૭માં શેઠ જયંત શ્રીમાલના પુત્ર લાડણે 'રત્નાકાર પચીશી'ના રચયિતા આ. રત્નાકરસૂરિના ઉપદેશથી લખાવી.

જૂનાગઢના રા'મહીપાલે (મેપાએ) આ. રત્નસિંહના ઉપદેશથી ગિરનાર તીર્થમાં ભ. નેમિનાથ જિનપ્રસાદને સોનાનાં પતરાંથી મઢાવ્યો હતો. તેમજ તેણે તથા તેના પુત્ર રા'માંડલિકે સં. ૧૫૦૭માં

પોતાના રાજ્યમાં અમારિ પ્રવર્તાવી હતી, કે આજથી મારા રાજ્યમાં કોઈએ દરેક મહિનાની તિથિ ૫, ૧૧, ૧૪ અને અમાવાસ્યાના રોજ કોઈપણ જીવને મારવો નહિં, હિંસા–શિકાર કરવા નહિં.

પોરવાડ ઠકુર પુત્ર કેલ્હે ગિરનાર પર ત્રણ દેરીનો ઉદ્ધાર કરાવ્યો, અમદાવાદમાં ધર્મશાળા બનાવી, પાંચ દેરાસર કરાવ્યાં, પંન્યાસપદ અપાવ્યાં, મુનિઓએ વસ્ત્રો વહોરાવ્યાં, સાધર્મિકવાત્સલ્ય કર્યાં, સિદ્ધાંતો લખાવ્યાં, જેમાં સં. ૧૫૧૯માં 'પાક્ષીકસૂત્ર વૃત્તિ' લખાવી. બૃહત્ તપાગચ્છના આ. સુરસુંદરસૂરિના શિષ્ય શ્રી સમયમાણિક્ય મુનિએ તેને વાંચીને સુધારી હતી.

શા. દેવધર શ્રીમાળી વંશમાં થયેલા સાધુ ચોથાએ આ. લબ્ધિસાગરના ઉપદેશથી અને પં. ગુણસાગર તેમજ પં. ચારિત્ર વલ્લભની પ્રેરણાથી સં.૧૫૬૮માં અમદાવાદમાં ગ્રંથભંડાર સ્થાપન કર્યો અને ૪૫ આગમો લખાવ્યાં. એ જ વંશના શા. મેઘાની પુત્રી લાડકીના પુત્ર સોનપાલે કાર્તિક સુદિ ૫ ના દિવસે જૈન ગ્રંથભંડાર સ્થાપન કર્યો, જેમાં સુવર્ણાક્ષરિ પ્રતિઓ પણ લખાવી હતી.

શેઠ હેમચંદ–હેમરાજઃ–

આ નામના ઘણા જૈન શ્રેષ્ઠીઓ થયા. તેમાંના કેટલાકની વિગત આ પ્રમાણે મળે છે.

શેઠ હેમચંદ જેણે શિશોદિયા રાણા જૈત્રસિંહ (સં. ૧૨૭૦ થી ૧૩૦૯)ના રાજ્યમાં મહામાત્ય જગતતસિંહના સમયે આહડમાં "સમસ્ત જૈન સિદ્ધાંત" લખાવ્યાં. આમાંના ઘણા આગમો ખંભાતમાં શાંતિનાથ ભંડારમાં મોજુદ છે. તે આ. દેવેન્દ્રસૂરિનો ભક્ત હતો, ને ચિત્તોડનો વતની હતો.

મહામાત્ય હેમરાજ તે સંઘપતિ રત્નાશાહની પત્ની સં. રત્નાબાઈનો પુત્ર હતો, બુદ્ધિશાળી હતો, પ્રાકૃત–સંસ્કૃત ભાષાનો જાણકાર હતો. રાજ્યવ્યવહારમાં નિપૂણ હતો, ધર્મપ્રેમી જૈન હતો, સંઘવી હતો, જૈન દર્શનના વિવિધ વિષયનો અભ્યાસી હતો. આ. દેવસુંદરસૂરિનો ભક્ત હતો. તે ઘરવ્યવહારથી અલિપ્ત રહેતો હતો અને જૈનધર્મના પ્રચાર માટે સર્વ પ્રકારે આગેવાની ભર્યો ભાગ લેતો હતો. આ. સોમતિલકસૂરિએ સં. ૧૩૮૭માં સં. હેમરાજની વિનંતીથી "સતારિસયઠાણં" નો ટબો રચ્યો હતો.

સં. હેમરાજઃ તેમણે સં. ૧૬૫૭ના મહા માસમાં મારવાડથી શત્રુંજયતીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો, જેમાં ૧૨૦૦ ગાડી, ૫૦૦ હાથી ૫૦૦ ઊંટ, ૫૦૦ ઘોડા, ૭૦૦ પગપાળા સુભટો વગેરે સાથે હતાં. તેણે શંખેશ્વરમાં ભ. વિજયસેનસૂરિ અને આ. વિજયદેવસૂરિને વંદન કર્યું હતું.

શેઠ હેમરાજ તે કચ્છના અંગિયા ગામનો નગરશેઠ હતો અને ત્યાંના બાર ગામના ગાદીધર પીર બાવાનો માનીતો કામદાર હતો. તે તપાગચ્છનો આગેવાન જૈન હતો. તેણે ગુરૂદેવ શ્રી ચારિત્રવિજયજી

 www.jainuniversity.org

(જૈન ગુરૂકુળ–પાલીતાણાના પ્રતિષ્ઠાપક)મ.ા ઉપદેશથી સં. ૧૯૭૪માં સજોડે અંગિયામાં શીલવ્રત અંગીકાર કર્યું હતું. ગુરૂમહારાજના ઉપદેશથી અને તેમની પ્રેરણાથી અંગિયાના ગાદીપતિ પીરબાવાએ તેમજ તેની જમાતે–પરિવારે માંસ–મદિરાનો સર્વથા ત્યાગ કર્યો હતો. શેઠ હેમરાજને મોનજી અને ટોકરશી નામે પુત્રો થયા, તેમને બીજો પૌત્ર–પરિવાર વિદ્યમાન છે.

**મેવાડના જૈનધર્મી રાજાઓ અને તેમનાં સ્તુત્ય કાર્યોઃ–**

રાજા અલ્લટરાજે બંધાવેલ ચિત્તોડગઢના જૈન કીર્તીસ્તંભનો જીર્ણોદ્ધાર મેવાડના રાણા મોકલસિંહે અમદાવાદના અહમ્મદશાહ સુલતાનના માનીતા સંઘપતિ ગુણરાજ પાસે સં.૧૪૮૫માં કરાવ્યો અને તેની જ પાસે 'ભ. મહાવીરસ્વામીનું દેરાસર' બંધાવ્યું. આ કીર્તિસ્તંભ અને જિનાલય આજે વિદ્યમાન છે.

રાણો કુંભોજી જેણે રાણકપુર વસાવ્યું અને સં. ૧૪૯૬માં રાણકપુરમાં સંઘપતિ ધરણાશાહ પોરવાડે બંધાવેલા ત્રૈલોક્ય જિનપ્રસાદમાં પાષાણના બે સ્થંભો ઉભા કરાવ્યા, જે આજે એવા જ સ્વરૂપમાં વિદ્યમાન છે. રાણા કુંભોજી આ. સોમસુંદરસૂરિ, આ. કમલકલશસૂરિ, આ. સોમજયસૂરિ વગેરેનો ભક્ત હતો. મેવાડના રાણા મોકલજી તથા રાણા કુંભાજીનું સં. ૧૪૭૧નું ફરમાન શિશોદિયા વંશના જૈનધર્મના પ્રેમનું પ્રતિક છે. ફરમાનઃ–

स्वस्ति श्री एकलिंगजी परसादातु महाराजाधिराज महाराणाजी श्री कुंभाजी आदेसातु मेदपाटरा उमराव थावोदार कामदार समस्त महाजन पंचकास्य अप्रं आपणे अठे श्रीपूज तपागच्छका तो देवेन्द्रसूरिजीका पंथका तथा पुनम्यागच्छका (पूर्णतल) हेमाचारजीको परमोद है । धरमज्ञान वतायो सो अठे अणांको पंथको होवेगा जाणीने मानागा पूजागा । परथम (प्रथम) तो आगेसु ही आपणे गढ कोटमें नींव दे जद पहीला श्री रिषभदेवजीरा देवराकी नीवं देवाडे है, पूजा करे है, अपे अजुही मानेगा, सिसोदा पगका होवेगा ने सुरेपान (सुरापान) पाँवेगा नहि और धरम मुरजादमें जीव राखणो, या मुरजादा लोपगा जणीने महासत्ता (महासतियों)की आण है और फेल करेला जणीने तलाक है, सं. १४७१ काती सु. ५ ॥

ચિત્તોડની દોશી તોલાશાહને મહમ્મદ બેગડાના પુત્રક્ષ અહમદ સિકંદરે શત્રુંજય, ગિરનાર વગેરે તીર્થોનો નાશ કરતાં ઘણું દુઃખ થયું. તેની ઈચ્છા હતી કે આ તીર્થો ફરી સ્થપાય તેમ કરવું જોઈએ. આ સમયે મેવાડમાં રાણા રાજગાદીએ હતો. રાણા સાંગ અને દોશી તોલાશાહ બંને મિત્રો હતા. ધનરાજ પોરવાડનો સંઘ ચિત્તોડ આવતા રાણા સાંગે સંઘનું મોટું સ્વાગત અને સન્માન કર્યું હતું. આ સંઘ સાથે પધારેલા આ. ધર્મરત્નસૂરિએ દોશી તોલાશાહની વ્યથાને શાંત પાડી, ઉત્સાહિત કરવા ભવિષ્યવાણી કરી કે, "તારો પુત્ર શત્રુંજયતીર્થનો ઉદ્ધાર કરાવશે." થોડા સમય પછી જોગાનુજોગ એવું બન્યું કે

શાહજાદો બહાદુરશાહ પિતા મુજફ્ફરથી રીસાઈને સં. ૧૫૩૫માં ચિત્તોડ ચાલ્યો ગયો, ને ત્યાં દોશી તોલાશાહનો અતિથિ બનીને રહ્યો. એ દરમિયાન દોશી તોલાશાહના પુત્ર કર્માશાહ અને શાહજદા વચ્ચે ગાઢ મૈત્રી થઈ. ત્યાર બાદ સં. ૧૫૮૩માં બહાદૂરશાહ ગુજરાતનો બાદશાહ થયો અને કર્માશાહે શત્રુંજયતીર્થના ઉદ્ધારનું કાર્ય હાથ ધરી સં.૧૫૮૭માં શત્રુંજયતીર્થનો મોટો ઉદ્ધાર કરી આચાર્યશ્રીની ભવિષ્યવાણીને તેમજ (સદ્ગત) પિતાની ભાવનાને ચારિતાર્થ કરી.

રાણા પ્રતાપસિંહઃ– તે હિંદુપત (વટ) રાખનાર ટેકીલો રાજપૂત કેસરી મેવાડનો રાજા હતો. તે જગદ્ગુરૂ આ. હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યોને બહુ માનતો હતો. તેણે સં. ૧૬૪૩–૪૪માં ચામુંડેરીથી આચાર્યશ્રીને ચિત્તોડ અને ઉદયપુર પધારવા મેવાતના મસુંદુ ગામે નિમંત્રણ પત્ર લખી મોકલ્યો હતે. તે પત્ર આ પ્રમાણે છે–स्वस्ति श्रीमसुदुं ? महाशुभस्थाने सरव औपमालाएक भट्टारक महाराजश्री हीरविजेसूरिजी चरणकमलायणे स्वस्तश्री वजेकटक चांवडेरा (चामुडेरी) डेरा सुथाने महाराजाधिराज श्रीराणा प्रतापसिंघजी ली० पगे लागणो बचसी, अठारा समाचार भला है, आपरा सदा भला छाईजे, आप बडा हे, पूजणीक हे, सदा करपा राखे, जीसु ससह (श्रेष्ठ) रखावेगा, अप्रं आपरो पत्र अणादनाम्हे आया नहीं सो करपा कर लगावेगा। श्री बडा हजुररी वगत पदारवो हुवो जीमें अठासुं पाछा पदारता पातसा अकब्रजीने जेनाबादम्हें ग्रानरा (ज्ञानरा) प्रतिबोद दीदो, जीरो चमत्कार मोटो बताया जीवह (हिं) सा छरकली (चिडीया) तथा नामपंषेरु (पक्षी) वे तीसो माफ कराई जीरो मोटो उपगार कीदो सो श्रीजैनरा ध्रममें आप असाहीज अ (उ) दोतकारी अबार कीसे (समय) देखता आप जु, फेर वे न्हीं आवी पूरब हीद स्थान अत्रवेद गुजरात सुदा चारु (४) दसा म्हे धरमरो बडो अ---(उ) दोतकार देखाणो, जठा पछे आपरो पदारणो हुवो न्ही सो कारण कही वेगा पढारसी आगेसु पटाप्रवाना कारणरा दस्तुर माफक आप्रे हे जी माएक तोल मुरजाद सामो आवो सा बतरेगा श्रीबडा हजुररी वषत आप्री मुरजाद सामो आबारी कसर पडी सुणी सो काम कारण लेखे भूल रही वेगा, जीरो अदेसो न्ही जाणेगा, आगेसु श्री हेमाआचारजीने श्री राजम्हे मान्या है, जीरो पटो कर देवाणो जि माफक अरो पगरा भटारषगादीप्र आवेगा तो पटा माफक मान्या जावेगा श्री हेमाचारजी पेलां श्रीवडगच्छरा भटारषजीने बडा कारणसुं श्रीराजम्हे मान्या जि माफक आपने आपरा पगरा गादी प्रपाट हवी तपगच्छराने मान्या जावेगारी "सुवाये देसम्हे आप्रे गच्छरो देवरो तथा उपासरो वेगा, जीरो मुरजाद श्रीराजसु वा दुजा गच्छरा भटारष आवेगा सो राषेगा," श्री समरणध्यान देवजात्रा जठे आद करावसी भूलसी नही ने वेगा पदारसी, प्रवानगी पंचोली गोरो समत १६३५ रा वर्ष आसोज सु. ५ गुरुवार ।

(રાજપૂતાને કે જૈન વીર, પૃ. ૩૪૧–૩૪૨.)

શેઠ ભામાશાહઃ- જેણે રાણા પ્રતાપસિંહને આફતના સમયે મોટી મદદ કરી હતી. તેણે કેશરિયાજી તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી. સં. ૧૬૪૩માં તેના દંડ-કળશ વગેરેની પ્રતિષ્ઠા કરાવી હતી. જૈન તીર્થોની યાત્રા કરી ૬૯ લાખ રૂપિયાનો સદ્વ્યય કર્યો હતો અને સર્વ તીર્થસ્થાનોએ લ્હાણી કરી હતી. સોનેરી શાહીથ આગમસૂત્રો લખાવી ભટ્ટારકશ્રી વિજયરાજેન્દ્રસૂરિને વહોરાવ્યાં હતાં.

મેવાડનારાણા અમરસિંહે ભ. શ્રી વિજયરત્નસૂરિના ઉપદેશથી સં. ૧૭૧૬માં પજુશણ માટે અહિંસાનો અમરપટો લખી આપ્યો, હિંસાત્મક કૃત્યો બંધ કરાવ્યાં.

રાણા જગતસિંહઃ- उदयपुरके महाराणा जगतसिंहजीने आचार्य विजयदेवसूरि तथा आ. विजयसिंहसूरिके उपदेशसे प्रतिवर्ष पोष सुदि १० को वकराणा (गोडवाड) तीर्थ पर होनेवाले मेलेमें आगंतुक यात्रियो परसे टेक्ष लेना रोक दिया था, और सदैवके लीए ईस आज्ञाको एक शिला पर खोदवा कर मंदिर के दरवाजे के आगे लगवा दिया था, जो कि अभी तक मौजूद है । राणा जगतसिंह के प्रधान झाला कल्यणसिंहके निमंत्रण पर उक्त आचार्यने उदयपुरमें चातुर्मास किया । चातुर्मास समाप्त होनेके वक्त एक रात दलबादल महलमें विश्राम किया, तब महाराणा जगतसिंहजी नमस्कार करनेको गये और आचार्य के उपदेशसे निम्न लिखित चार बाते स्वीकार करी कि--- (क) उदयपुरके पीछोला सरोवर और उदययसागरमें मछलियोको कोई न पकड़े । (ख) राज्याभिषेकवाले दिन जीवहिंसा बंद । (ग) जन्ममास और भद्रमासमें जीवहिंसा बन्द । (घ) मचींददुर्ग पर राणा कुम्भा द्वारा बनवाये गये जैन चैत्यालयका पुनरुद्धार ।

(---અયોધ્યાપ્રસાદ ગોયલીય, રાજપૂતાને કે જૈન વીર પૃ. ૩૪૬)

નાગૌરનો ધનાઢ્ય પૂનમ શ્રેષ્ઠિ જૈન હતો. દિલ્લીના બાદશાહ શમસુદ્દીન અલ્તમની બેગમ પ્રેમકળા તેને "ધર્મબન્ધુ" માનતી હતી. તેણે બાદશાહના ફરમાનથી શત્રુંજય તીર્થ વગેરેનો યાત્રાસંઘ કાઢ્યો હતો.

જૈનધર્મપ્રેમી દિલ્લીના સુલતાનોઃ- બાદશાહ મોઈઝુદ્દીન બહેરામનો મંત્રી સહણપાલ અને બા. અલ્લાઉદ્દીન ખિલજીનો સર્વસત્તાધારી મંત્રી નેણો જાલોરના આભૂ શ્રીમાલીના વંશજ હતા. મંત્રી નેણાએ ખરતરગચ્છના આ૦ જિનચંદ્રસૂરિના ઉપદેશથી શત્રુંજયતીર્થ અને ગિરનાર તીર્થનો છ'રી પાળતો યાત્રાસંઘ કાઢ્યો હતો. અલ્લાઉદ્દીન આ૦ વજ્રસેનસૂરિને બહુ માનતો. બા૦ ગ્લાસુદ્દીન તઘલખે આભૂ શ્રીમાળીના વંશજ દુઃસાજુને મેવાડ કે મોરવાડાનો સુબો બનાવ્યો હતો. અગાઉ કે ચંડાવલ (ચંદ્રાવતી)નો પ્રધાન હતો. બા૦ મહમ્મદ તઘલખ આ૦ જિનપ્રભસૂરિનો ભક્ત બન્યો હતો. તેમના ઉપદેશથી બાદશાહે જ્યાં ત્યાં

જિનપ્રતિમાઓ પડી હતી એ તેમને પાછી આપી હતી. બાદશાહે કલ્યાણી નગરના ભ૦ મહાવીરસ્વામીના જિનાલયની પૂજા (આદિ ખર્ચ) માટે બે ગામ ભેટ આપ્યાં હતાં. વડગચ્છના મોટા કવિ આ૦ ગુણભદ્રસૂરિના ઉપદેશથી તે વિશેષ જૈનધર્મનો પ્રેમી બન્યો. આ૦ મદનસૂરિ અને આ૦ મહેન્દ્રસૂરિને પણ તે બહુ માનતો. બા૦ ફિરોજશાહ તઘલખે પણ અનેક જૈનાચાર્યોના આદર-સત્કાર કર્યા હતા.

બાદશાહ બાબરે મહો. સહજકુશલગણિના ઉપદેશથી જજિયાવેરો માફ કર્યો હતો.

મંત્રી આભૂ શ્રીમાળી અને તેના વંશજો:- તે રાજા સોમેશ્વર ચૌહાણનો મંત્રી હતો. સ્વર્ણગિરિ (જાલોર)નો હોવાથી સોનગર શ્રીમાળી તરીકે પ્રસિદ્ધ પામ્યો. તેનો વંશજ (૬) ઝાંઝણ રાજા ગોપીનાથનો મુખ્યમંત્રી હતો. તે બહુ ધર્મપ્રેમી હતો. તેણે સં. ૧૫૦૩ લગભગમાં પાલનપુર ભ૦ શાંતિનાથનો જિનપ્રસાદ કરાવ્યો, યાત્રાસંઘો કાઢ્યા, ઉજમણાં કર્યાં, ધર્મશાળા, ઉપાશ્રયો અને દાનશાળા બંધાવ્યાં. તે માંડવગઢ જઈને વસ્યો. તેને ૬ પુત્રો હતાં. આ સહુ માંડવગઢમાં બાદશાહ આલમશાહના રાજ્યમાં પદાધિકારી બન્યા હતા. તે સૌએ જીરાવલા, આબૂ વગેરે તીર્થોના જુદા જુદા સમયે યાત્રાસંઘો કાઢ્યા હતા. આ રીતે તેઓ સંઘપતિ બન્યા હતા. ઝાંઝણના ચોથા પુત્ર પદ્મને બા૦ અલ્લાઉદ્દીને માંડવગઢ જીતી લઈ ત્યાંનો દીવાન બનાવ્યો. ઝાંઝણના બીજા પુત્ર સં. બાહડને બે પુત્રો હતા. મોટો પુત્ર સમધર સંભવતઃ મેવાડનો મહામાત્ય હતો. તેના કુટુંબે આ૦ ધર્મઘોષસૂરિના ઉપદેશથી ગ્રંથો લખાવ્યા હતા. બાહડનો નાનો પુત્ર સં. મંડન બુદ્ધિવાન, ધનવાન, વિદ્વાન અને કવિ હતો. તેણે સરસ્વતીમંડન, કાવ્યમંડન, ચંપૂમંડન, કાદંબરીમંડન, અલંકારમંડન, ઉપસર્ગમંડન, ચંદ્રવિજય શ્લો. ૧૪૧, કવિકલ્પદ્રુમ વગેરે ગ્રંથો રચ્યા છે સં. ઝાંઝણનો ત્રીજો પુત્ર સં. દેહડ ભોજદેવ પરમારનો મંત્રી તથા માંડવગઢના બા૦ આલમશાહનો દીવાન હતો તેના પુત્ર કવિ ધનદે સં. ૧૪૯૦માં માંડવગઢમાં (૧) શૃંગારધનદ, (૨) નીતિધનદ અને (૩) વૈરાગ્યધનદ---એમ શતકત્રયી બનાવી છે. કવિ મંડન અને કવિ ધનદ તેમજ તેના પુત્રોએ સં. ૧૫૦૩માં માંડવગઢમાં ખરતરગચ્છના આ૦ જિનભદ્રસૂરિના ઉપદેશથી સર્વ સિદ્ધાંતો લખાવ્યા હતા.

હેમૂ વિક્રમાદિત્ય:- અસલમાં જૌનપુર ૧ (કાશીથી ૩૪ માઈલ ઉત્તરે આવેલ નગર)નો વતની હતો. તે જૈન વેપારી વાણિયો હતો, છતાં પરાક્રમી, સાહસી અને ધીર હતો. શરૂઆતમાં તે લશ્કરનો મોદી બન્યો. આગળ જતા ચૌધરી, કોટવાળ અને વડો દીવાન બન્યો. તેની ભાવના હતી કે મહમ્મદ આદિલશાહને દિલ્લીનો બાદશાહ બનાવવો, પણ એ પઠાણો સાથેના યુદ્ધમાં માર્યો ગયો, આથી પોતે જ રાજા બની બેઠો. તે જાણતો હતો કે દિલ્લીના બાદશાહ અકબર છે, છતાં તેને પોતાને દિલ્લીના બાદશાહ બનવાની મનોકામના થઈ. તે ચુનારા અને બંગાળના વિદ્રોહને શાંત કરી દિલ્લી, આગરા

તરફ ચાલ્યો. આગરાને કબ્જે કરી દિલ્લી ઉપર ચડી આવ્યો. દિલ્લીના હાકેમ તરાદી બેગખાનને હરાવી, પંજાબ તરફ નસાડી મૂક્યો અને પોતે–હેમૂ વિક્રમાદિત્ય દિલ્લીની ગાદીએ બેઠો. એ સમયે બા–અકબર બહેરામખાનની દોરવણી મુજબ કાબુલ જીતવા નીકળ્યો હતો, પણ વચ્ચે વિચાર માંડી વાળી પાછો આવતાં તેને તરાદી બેગખાન રસ્તામાં મળ્યો. તેની પાસેથી 'હેમૂ દિલ્લી જીતી બાદશાહ બની બેઠો છે' તે જાણી અકબર પાણીપતના કુરૂક્ષેત્રમાં આવ્યો. હેમૂ પણ ત્યાં તેની સામે થયો. મોગલસેના અને હેમૂ વચ્ચે યુદ્ધ થયું, તેમાં હેમૂ માર્યો ગયો.

ઈતિહાસ સૌને યાદ અપાવે એવી ઘટના છે કે, વિક્રમની બીજી સહસ્રાબ્દીમાં કેવળ મુસલમાન બાદશાહો જ હતા, પરંતુ તેઓની હરોળમાં તેઓની વચ્ચે દિલ્લીનો બાદશાહ બનનાર 'આ એક જ હિંદુ વાણીયો હતો.' જે છ મહિના સુધી દિલ્લીનો બાદશાહ રહ્યો હતો.

## મોગલવંશના રાજ્યકાળમાં જૈનધર્મનો પ્રભાવ અને પ્રસાર

બાદશાહ અકબરઃ– એક દિવસ બાદશાહ અકબરે એક મોટો વરઘોડો જોયો. તેની વિલક્ષણતા ઉપરથી અકબરે પૂછપરછ કરી, અને એને કહેવામાં આવ્યું કે–ચંપાબાઈ નામની શ્રાવિકા છ માસના ઉપવાસનું વિરલ તપ ધારણ કર્યું, તેની અનુમોદનારૂપે એ વરઘોડો નીકળ્યો હતો. 'લાગટ છ માસ લગી માણસ અન્ન વગર રહી શકે' એ વાત અકબરના માન્યમાં ન આવી. તેણે શ્રાવિકા ચંબાપાઈને ઘટતા

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु

૧. પૂર્વે તેનું જૈનપુરી નામ હતું. અહીં અનેક જૈન મંદિરો હતાં. વર્તમાનમાં ખોદકામ કરતાં અનેક જૈન મૂર્તિઓ નીકળી છે. આમાંની ઘણીખરી કાશીના જૈનમંદિરમાં વિદ્યમાન છે. અહીં એક વિશાળ મસ્જીદ છે, જે પહેલા ૧૦૮ દેરીવાળું વિશાળ જૈનમંદિર હતું. તેનું શિલ્પકામ અને ઘાટ હેરત પમાડે એવાં છે. લગભગ ત્રણ માળનું જિનમંદિર હશે, એવી કલ્પના થાય છે. આ પ્રાંતમાં આવું વિશાળ મંદર આ એક જ હતું. આગરાથી લઈ ઠેઠ કલકત્તા સુધીમાં આવું વિશાળ મંદિર અમારા જોવામાં આવ્યું નથી. અહીં હજારો જૈનોની વસ્તી હતી, આજે જૈનનું એકપણ ઘર નથી.

બાદશાહ અકબરે જૈન તીર્થો અર્પણ કર્યાનું ફરમાનઃ–

અકબર બાદશાહ લખે છે કે, મારા તાબાના માલવા, શાહજહાંનાબાદ, લાહોર, મુલતાન, અમદાવાદ, અજમેર, મેરઠ, ગુજરાત, બંગાળ વગેરે મુલકો તથા બીજા નવા તાબામાં આવે તે મુલકોના સૂબા, કરોડગીર અને જાગીરદારોને સૂચના કરવામાં આવે છે કે–

શ્વેતાંબર જૈનાચાર્ય હીરવિજયસૂરિ તથા તેમના શિષ્યો જે પવિત્ર મનવાળા સાધુપુરૂષો છે તેમના

દર્શનથી મને ઘણો આનંદ થયો છે. તેમની માંગણી છે કે, અમારાં તીર્થ સિદ્ધાચલજી, ગિરનારજી, તારંગાજી, કેશરિયાનાથજી, આબૂજી, રાજગૃહીની પાંચ પહાડીઓ, સમેતશિખરજી વગેરે શ્વેતાંબર તીર્થસ્થાનો છે. તેમાં તથા તેની આસપાસની ભૂમિમાં કોઈ જીવની હિંસા થાય નહીં એવો હુકમ કરવો જોઈએ. મને આ માંગણી વ્યાજબી લાગે છે. તપાસ કરતાં નક્કી થયું કે આ સ્થાનો શ્વેતાંબર જૈનોનાં છે. હું આ બધા સ્થાનો શ્વેતાંબર આચાર્ય હીરવિજયસૂરિને અર્પણ કરૂં છું. તેઓએ પવિત્ર સ્થાનોમાં શાંતિથી પ્રભુની ઉપાસના કરે. આ સ્થાનો શ્વેતાંબર સમાજનાં છે, તેમની માલિકીનાં છે. જ્યાં સુધી સૂર્ય, ચંદ્ર તપે ત્યાં સુધી આ ફરમાન જૈન શ્વેતાંબરોને માટે અમર રહે. આ ફરમાનના અલમાં કોઈએ દખલ કરવી નહીં. આ તીર્થોના પર્વતોની ઉપર, નીચે કે આસપાસ યાત્રાધામોમાં કોઈએ કોઈ જાતની જીવહિંસા કરવી નહીં. આ હુકમનો પાકો અમલ કરવો. કોઈએ ઊલટું વર્તવું નહીં. બીજી સનદ માગવી નહીં.

(નોંધઃ- આ ફરમાન અમદાવાદમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીમાં છે. તેની લંબાઈ બે ફુટ, પહોળાઈ એક ફુટ અને પાંચ ઇંચ છે. ધોળા કપડા ઉપર ૅસનેરી શાહીથી લખેલું છે.)

(૯) બા. અકબરે આ. હીરવિજયસૂરિને મોટો ગ્રંથભંડાર ભેટ આપ્યો. (૧૦) આચાર્યશ્રીને સં. ૧૬૪૦માં ફતેપુર સિક્રીમાં 'જગદ્ગુરૂ' તરીકે ઓળખાવ્યા તથા સં. ૧૬૪૯માં લાહોરમાં આ. વિજયસેનસૂરિને 'સવાઈહીર', પં. ભાનુચંદ્રને 'મહોપાધ્યાય' અને પં. નંદિવિજય અને પં. સિદ્ધિચંદ્ર ગણિને 'ખુશફહમ'ના ખિતાબો આપ્યા.

(૧૧) બા. અકબરે નિર્વંશીયાનું ધન લેવાનું બંધ કર્યું. (૧૨)જજિયાવેરો (યાત્રાકર) માફ કર્યો.

બિકાનેર મંત્રી કર્મચંદ્ર બચ્છાવતના પ્રયત્નથી ખરતરગચ્છના પ્રસિદ્ધ જૈનાચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ લાહોરમાં બા. અકબરના દરબારમાં પધાર્યા ત્યારે બાદશાહે તેમને એક અઠવાડિયાનું અહિંસાનું ફરમાન આપ્યું કે- દર વર્ષે આષાઢ શુક્લ નોમથી પૂર્ણમાસી સુધીના સાત દિવસ કોઈએ કોઈ જીવની હિંસા કરવી નહિ અને સતાવવા નહિ.

બાદશાહ જહાંગીરઃ- તે આ. હીરવિજયસૂરિ અને તેમના શિષ્યો-પ્રશિષ્યોના વધુ પરિચયમાં આવ્યો, તેમની નાની-મોટી બાબતોમાં વિશેષ રસ લેતો અને તેમના પ્રત્યે અત્યંત સ્નેહભાવ ધરાવતો. તેણે તથા શાહજાદા ખુશરૂએ મહો. ભાનુચંદ્રગણિ પાસેથી ધર્મજ્ઞાન મેળવ્યું હતું. (૧) બા. જહાંગીરે પોતાના પિતા અકબર બાદશાહના દરેકે દરેકે ફરમાનનો અવસર આવતાં પોતાની મહોર મારી સમર્થન આપ્યું હતું. સં. ૧૬૬૨ (કે ૧૬૬૩)માં આ. વિજયસેનસૂરિને શા. હરખચંદ પોનાચંદજીની અરજ / માગણીથી જૈન

ધર્મસ્થાનોની પવિત્રતા અન રક્ષા, યાત્રાકરની માફી અને અમારિ પાલન વગેરે માટેનું ફરમાન લખી મોકલાવ્યું હતું. ઉપરાંત, સં. ૧૯૭૬માં મહો. ભાનુચંદ્રગણિને એક ફરમાન લખી આપ્યું, જેમાં બા. જહાંગીર જણાવે છે કે, "બાદશાહ અકબરે પળાવેલ ૬ મહિનાની અહિંસાનું પાલન કરવું તથા મારા જન્મનો એક મહિનો વધારે અહિંસા પાળવી. શત્રુંજયતીર્થમાં યાત્રાવેરો અને આ. હીરવિજયસૂરિના સમાધિસ્થાન (ઉના)માં જગાતવેરો માફ કરવો. મરેલાનાં માલ-ધન લેવાનું બંધ કરવું." (૨) આ. વિજયસેનસૂરિના શિષ્ય આ. વિજયદેવસૂરિને સં. ૧૬૭૩ના માંડવગઢના ચોમાસામાં 'જહાંગીરી મહાતપા'નું બિરૂદ આપ્યું અને મહો. નેમસાગરગણિને 'વાદિજીક'ની પદવી આપી. (૩) બા. જહાંગીરે આગરાના સંઘવી ચંદ્રપાલને સં. ૧૯૭૧ (૭૨)ના શ્રાવણ મહિનામાં ખંભાતના મહમ્મદપરા-અકબરપરામાં આ. વિજયસેનસૂરિના અગ્નિસંસ્કાર સ્થાને મંદિર, બાગ-બગીચો બનાવવા માટે ૧૦ વીઘા જમીન ભેટ આપી, તે સ્થાનની જગાત વગેરે માફ કરી.

બાદશાહ શાહજહાં:- તે પણ જૈનશ્રમણોથી વધુ પરિચિત અને પ્રભાવિત હતો. અમદાવાદના શેઠ શાંતિદાસ ઝવેરીને બહુ માનતો. બા. શાહજહાંએ તેમને (૧) શેઠના મકાન વગેરેથી રક્ષા, (૨) જ્ઞાતિ વ્યવહારની સ્વતંત્રતા, (૩) અમદાવાદ-સરસપુરના ચિંતામણિ પાર્શ્વનાથ જિનપ્રસાદને બાદશાહી ખજાનાના ખરચે મૂળરૂપે સમરાવી પાછો સોંપી દેવાની આજ્ઞા અને (૪) શત્રુંજય ગિરિરાજ-પાલીતાણા ભેટ આપવાનો હુકમ--એમ ચાર ફરમાનો આપ્યાં હતાં. (શેઠ શાંતિદાસ અને તેના વંશજોનો પરિચય અન્યત્ર આપવામાં આવ્યો છે.)

બાદશાહ ઔરંગઝેબ:- ધર્મઝનુની બાદશાહોમાં એક ઔરંગઝેબ પણ હતો. છતાં તેણે કેટલીક બાબતમાં સજ્જનતા બતાવી હતી. (૧) ભ. હેમવિમલસૂરિની પરંપરાના પં. પ્રતાપકુશળજી વિદ્વાન મલ ફારસી ભાષાના અભ્યાસી હતા. તેમના જ્ઞાનની પ્રશંસા સાંભળી બા. ઔરંગઝેબે માન-સન્માનથી તેડાવી, પોતાની શંકાઓનું સમાધાન મેળવી, પ્રસન્ન અને પ્રભાવિત થઈ, ૫-૭ ગામો ભેટ આપ્યાં, પણ ત્યાગી મુનિવરે લેવાનો ઈન્કાર કર્યો. (૨) અજમેરના સૂબાએ અજમેર, મેડતા, સોજત, જયતારણ અને જોનપુર વગેરે શહેરોના જૈન ઉપાશ્રયો પોતાના તાબામાં લઈ ખાલસા કરી લીધા હતા. એ સમયે ઔરંગાબાદનો સૂબો અસતખાન, જે મહો. સોમવિજય ગણિવરની પરંપરાના (૬૨) પં. ભીમવિજયજીનો

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

ભક્ત હતો. બા. ઔરંગઝેબ સં. ૧૭૩૬માં અજમેર ઉપર ચડી આવ્યો ત્યારે ભ. વિજયરત્નસૂરિ અને પં. ભીમવિજયજીના ઉપદેશથી તેમજ સૂબા અસતખાનની પ્રેરણાથી, બાદશાહે પં. ભીમવિજયજીને તે ઉપાશ્રયો છૂટા કરી પાછા સોંપવાનું ફરમાન લખી આપ્યું હતું અને જૈન ઉપાશ્રયો સંઘને પાછા સુપ્રદ કરાવ્યા હતા. (૩) બા. ઔરંગઝેબે સં. ૧૭૧૭ ચૈત્ર સુદ ૯, ૧૦ કે ૧૧ ના શેઠ શાંતિદાસ ઝવેરીને તેમની કદરદાની રૂપે શત્રુંજય ગિરનાર, આબૂ વગેરે તીર્થો ભેટ આપ્યાં હતાં.

શેઠ સૂરદાસ:– અમદાવાદમાં શેઠ શાંતિદાસ ઝવેરીના સમયમાં શેઠ સૂરદાસ પણ જૈન સંઘના એક અગ્રણી હતાં. બાદશાહ શાહજહાંએ 'જ્ઞાતિ–વ્યવહારની સ્વતંત્રતા'ના આપેલ ફરમાનમાં શેઠ શાંતિદાસની સાથે તેમના નામનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેમણે અમદાવાદમાં 'સૂરદાસ શેઠની પોળ' બનાવી હતી, જે હાલ પ્રસિદ્ધ છે. શેઠ સૂરદાસને (૧) રતન અને (૨) ધનજી એમ બે પુત્રો હતા.

ગારિયાધારના ઠા. કાંધાજી ગોહિલ વગેરેએ વિ.સં. ૧૭૦૭માં શેઠ શાંતિદાસ અને શા. રતનસૂરા સાથે જ શત્રુંજયતીર્થના રખોપાનો કરાર કર્યો હતો. શેઠ રતનસૂરા સૂરતના સંઘપતિ પ્રેમજી પારેખે કાઢેલા શત્રુંજયતીર્થના યાત્રાસંઘમાં સાથે હતા. શેઠ ધનજીએ આ. વિજયદેવસૂરિના ઉપદેશથી સં. ૧૭૧૨માં અમદાવાદમાં આઠ હજાર મહમુદી ખરચી આ. વિજયપ્રભસૂરિનો વંદણા મહોત્સવ કર્યો હતો. તેમજ તેઓએ સં. ૧૬૯૯માં મહો. યશોવજિયજીને ભણવા કાશી મોકલવા વિનંતિ કરી અને પોતે પંડિતના ખર્ચ માટે બે હજારનું વચન આપ્યું હતું.

jainuniversity.org
સર્વ જ્ઞાનાય ભવતુ

મહમ્મદ યુસુફખાન:– તે દિલ્લીના બાદશાહ બહાદુરશાહ આલમ (પહેલા)નો હૈદ્રાબાદનો સુબો હતો, પં. કેસરકુશળગણિનો ભક્ત હતો. તેણે વિ. સં. ૧૬૬૭માં કુલ્પાક પંન્યાસજીને ભેટ આપ્યું અને જૈનસંઘે તેનો જીર્ણોદ્ધાર કરી, તેમાં ભ. માણિક્યસ્વામી–ઋષભદેવની પ્રતિમાની પંન્યાસજીના હાથે પુનઃ પ્રતિષ્ઠા કરાવી. એ જ રીતે સુબા મહમ્મદ યુસુફખાને પં. કેસરકુશળગણિને હૈદ્રાબાદ શહેરની બહાર જગદ્ગુરૂ આ. હીરવિજયસૂરિનો હીરવિહાર (દાદાવાડી) બનાવવા માટે મોટી જમીન ભેટ આપી. જૈન સંઘે ત્યાં પંન્યાસજીના ઉપદેશથી મોટો હીરવિહાર બંધાવ્યો. આ સ્થાન આજે હૈદ્રાબાદમાં દાદાવાડી તરીકે પ્રસિદ્ધ છે.

# ૧૧મી સદી પછીનાં કેટલાંક પ્રભાવક પુન્યવાનો

## રાજા રઘુસેન અને રામસેન તીર્થનો જીર્ણોદ્ધારઃ-

રામસેનના રાજા રઘુસેને અહીંના ભ૦ ઋષભદેવના પ્રાચીન તીર્થમંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને વડગચ્છના આ૦ સર્વદેવસૂરિના હાથે વિ.સં. ૧૦૧૦માં ભ૦ ચંદ્રપ્રભ વગેરે પ્રતિમાઓની અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી, ત્યારથી આ મંદિર 'રઘુસેનના મંદિર' તરીકે પ્રસિદ્ધિ પામ્યું અને વિશેષ જાહોજલાલીમાં આવ્યું. રાજા રઘુસેને થરાદમાં બંધાવેલ જિનાલયમાં વાદિવેતાલ આ૦ શાંતિસૂરિના શિષ્ય શ્રીપુણ્યભદ્ર મુનિવરે ભ૦ આદિનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી.

વિ.સં. ૧૦૧૦માં રઘુસેનના જિનાલયમાં ભરાવેલ ભ૦ અજિતનાથની કલાપૂર્ણ ખડ્ગાસન પ્રતિમા આજે પણ અમદાવાદની વાઘણપોળના ભ૦ અજિતનાથના દેરાસરની ભમતીની દેરીમાં વિદ્યમાન છે.

## રાજા એલક શ્રીપાલ અને અંતરીક્ષ પાર્શ્વનાથ તીર્થઃ-

વિદર્ભદેશમાં આવેલ એલિચપુરના આ રાજાને કોઢનો રોગ હતો. એક દિવસ જંગલમાં સરોવરનાં પાણીથી હાથ-પગ ધોતા અને પાણી પીતાં કોઢ રોગ શમી ગયો. એ સરોવરમાં ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા હોવાનું અને તેના જ પ્રભાવે આમ બનવાનું જાણી, રાજાએ તે પ્રતિમા બહાર કઢાવ્યાં અને મલધારી આ૦ અભયદેવસૂરિને પ્રતિષ્ઠા માટે પધારવા વિનંતી કરી. વિ. સં. ૧૧૪૨ના મહા શુદિ પાંચમના આચાર્યએ ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરી. આ સમયે તે પ્રતિમા ચાર આગળ અધ્ધર હતી. પ્રતિમા અધ્ધર હોવાને કારણે 'અંતરીક્ષ પાર્શ્વનાથ' નામથી વિખ્યાત બની. આ મંદિરના પૂજાદિ (નિભાવખર્ચ) માટે રાજા એલક શ્રીપાલે અહીં શ્રીપુર (સિરપુર) ગામ વસાવી ભેટ આપ્યું અને પ્રતિમા જે સરોવરમાંથી મળ્યાં ત્યાં જલકુંડ બનાવી આપ્યો. આ રાજાએ એલિચપુરની પાસે આવેલ ગજપદ (મુક્તાગિરિ) નામક તીર્થનો જીર્ણોદ્ધાર પણ કરાવ્યો હતો.

## પાવાગઢનાં પ્રાચીન જિનમંદિરો બંધાવનાર પુન્યાત્માઓઃ-

રાજા વનરાજ ચાવડાના મંત્રી ચાંપા શાહે પાવાગઢ ઉપર કિલ્લો બનાવી તેમાં જિનમંદિર બંધાવ્યું હતું. મહામંત્રી તેજપાલે અહીં ભ૦ મહાવીરનું સર્વતોભદ્ર નામે મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરાવી હતી. ખંભાતના શેઠ મેઘા શાહે વિક્રમની પંદરમી સદીમાં અહીં ભ૦ સંભવનાથના મંદિરમાં ૮ દેરીઓ બનાવી આ૦ સોમસુંદરસૂરિના હાથે મહોત્સવપૂર્વક પ્રતિષ્ઠા કરાવી હતી.

## ધોળકાના દંડનાયક જિણાશાહ:–

ધોળકાના વતની શ્રીમાલી પાહા શાહનો પુત્ર જિણાશાહ શ્રદ્ધાળુ જિનોપાસક હતો. તે પ્રતિદિન જિનપૂજા અને ગુરૂવંદન કરતો. ઘી, કપાસ તથા અનાજની તે ફેરી કરી જાત મહેનતથી પોતાના કુટુંબનો નિભાવ કરતો. આગળ જતાં એક દિવસ લૂંટારા સાથેની તેની વીરતાની વાત જાણી ગુજરાતના સોલંકી રાજા ભીમદેવ પહેલાએ તેને પાટણ બોલાવી તલવાર, પટ્ટો તથા સોનાની મુદ્રા આપી ધોળકાનો દંડનાયક બનાવ્યો. તેણે ધોળકામાં બે જિનમંદિરો બંધાવ્યાં. ઘરદેરાસર માટે કસોટીની ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી અને સંઘના દેરાસર માટે ભ૦ આદિશ્વર, ગોમુખ યક્ષ તથા ચક્રેશ્વરીદેવીની પ્રતિમા ભરાવી. એ દરેકની નવાંગીવૃત્તિકાર આ૦ અભયદેવસૂરિના હસ્તે અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી. શત્રુંજયતીર્થનો સંઘ કાઢ્યો. નવાંગીવૃત્તિની ઘણી પ્રતિઓ લખાવી તેમજ અન્ય ઘણાં ધર્મકાર્યો કર્યાં.

## શ્રુતના રાગી શેઠ સિદ્ધરાજ અને તેના પૂર્વજો:–

શેઠ સિદ્ધરાજ પોરવાડના પૂર્વજો અસલમાં મડાહડ (મંડાર)ના વતની હતા ને દધિપદ્ર (દઈચા)માં રહેતા હતા, જ્યારે સિદ્ધરાજ પોતે પાટણમાં આવીને વસ્યો હતો. તેના પૂર્વજોમાં સિદ્ધનાગ જિનોપાસક હતો. તેણે પોતાની જાતકમાઈમાંથી ઘણાં જિનબિમ્બો ભરાવ્યાં હતાં. આ સિદ્ધનાગવંશમાં ક્રમે વીરડ અને વરદેવ થયા. તેઓ પણ ધર્માનુરાગી હતા. વરદેવે ભ૦ મહાવીરસ્વામીની પિત્તલની પ્રતિમા તેમ જ સમવસરણ બનાવ્યાં અને વાદિવેતાલ આ૦ શાંતિસૂરિને વિનંતી કરી 'ઉત્તરજ્ઝયણ'ની પાઈય ટીકા (જેના આધારે આ૦ વાદિદેવસૂરિ પાટણની રાજસભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્રસૂરિને જીત્યા હતા) બનાવરાવી અને જ્ઞાનની અતિભક્તિથી એ લખાવી. સિદ્ધરાજ વરદેવનો પુત્ર હતો. વરદેવે મરતી વેળા પુત્ર સિદ્ધરાજને જણાવ્યું હતું કે, 'તારે મારા શ્રેય માટે તીર્થયાત્રા, સંઘ અને જિનપૂજામાં ધન વાપરવું, છતાં ધર્મગ્રંથો લખાવવામાં વિશેષ ધન આપવું.' આ પછી સિદ્ધરાજ પાટણમાં આવી વસ્યો. તે સહુ કોઈને દાની અને સદાચારી હતો. તેણે એક લાખ શ્લોક પ્રમાણથીય વધુ આગમ, ચૂર્ણિ, ભાષ્ય વગેરે ગ્રંથો લખાવ્યા હતા. તેમાં ભગવતીસૂત્રની વૃત્તિવાળું પુસ્તક સં. ૧૧૮૭માં પાટણના રાજા સિદ્ધરાજના રાજ્યમાં લખાવ્યું હતું અને આ૦ ચક્રેશ્વરસૂરિને વહોરાવ્યું હતું.

## પ્રતાપી માહાત્મ્ય ઉદયન મેહતાના પુત્રો આંબડ અને વાહડ:–

મારવાડના જાલોર અને રામસેન વચ્ચે આવેલા વાગરા ગામમાં શેઠ બોહિત્થ શ્રીમાલી વંશમાં શેઠ અશ્વેશ્વર, યક્ષનાગ, વીરદેવ અને ઉદયન હતા. ઉદયન (ઉદા) મેહતા મારવાડથી ગુજરાત

આવ્યો અને આગળ વધી રાજા સિદ્ધરાજનો મહામાત્ય બન્યો. તેનો પુત્ર આંબડ પણ મહામાત્ય થયો. તે મોટો પરાક્રમી, ઉદાર અને દાનેશ્વરી તેમ જ કવિ પણ હતો. તેણે પિતા ઉદયનની અંતિમ ભાવના–આજ્ઞા મુજબ વિ. સં. ૧૨૧૩માં શત્રુંજયતીર્થના મોટા જીર્ણોદ્ધાર પ્રસંગે શત્રુંજયની પશ્ચિમ દિશાએ પાજ બંધાવી, જે આજે ઘેટીની પાગ તરીકે પ્રસિદ્ધ છે. તેણે કોંકણના શિલાહાર કુળના રાજા મલ્લિકાર્જુનને યુદ્ધમાં હરાવી મારી અને દંડરૂપે અનેક કીમતી વસ્તુ અને વિપુલ ધન લઈ આવતા, તેના આ પરાક્રમથી મહારાજા કુમારપાળે ૭૨ સામંતોની વચ્ચે તેને 'મહામાંડલેશ્વર' અને 'રાજપિતામહ'નું બિરૂદ આપ્યું. આંબડે સ્વ. પિતાની ભાવના અનુસાર ભરૂચના અતિ જીર્ણ થયેલા શકુનિકાવિહારનો જીર્ણોદ્ધાર ૨ કરોડના ખર્ચે કરાવી, તેમાં સં. ૧૨૨૨માં ક. સ. આ૦ હેમચંદ્રસૂરિના હાથે ભ૦ મુનિસુવ્રતસ્વામી વગેરે જિન પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. આ પ્રસંગે તેણે ઘણાં ઉમળકા અને ઉદારતાથી મોટું દાન કરતાં, આજ સુધી કદી મનુષ્યની સ્તુતિ નહીં કરનારા એવા ક.સ. આ૦ હેમચંદ્રસૂરિએ આંબડની ઉદારતાથીપ્રસન્ન થઈ કહ્યું કે, 'किम् कृतेन न यत्र त्वं यत्र त्वं तत्र कः कलिः । कलौ चेद् भवतो जन्म कलिरस्तु कृतेन किम् ?।।' અર્થાત 'હે આંબડ ! જ્યં તું નથી ત્યાં  કૃતયુગ ફોગટ છે, જ્યાં તું છે ત્યાં કલિયુગ હોય તોય શું ? તારો જન્મ થવાથી કલિયુગ પણ શ્રેષ્ઠ છે, કૃતયુગનું શું કામ છે ? મંત્રી આંબડે ધોળકામાં પોતાના પિતાના ઉદાવસહીમાં ૨૪ દેવીઓ વધાવી, મોટો બનાવી 'ઉદયવિહાર' નામ આપ્યું.

ઉદયનનો બીજો પુત્ર વાહડ (બાહડ) રાજા સિદ્ધરાજનો મંત્રી અને કુમારપાલનો મહામાત્ય હતો. તે મુત્સદ્દી અને ધીર–ગંભીર હતો. રાજા કુારપાલે સોમનાથના શિવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તેનો સમસ્ત પ્રબંધ મંત્રી વાહડને આધીન હતો. મહામાત્ય વાહડે પાટણનાં સુંદર જિનાલય બનાવી રાજા કુમારપાલને સમર્પિત કર્યું અને રાજવીએ મંત્રી વાહડની દેખરેખ નીચે તેનો વિસ્તાર કરી કુમારવિહાર બંધાવ્યો. મંત્રી વાહડે સ્વ. પિતા ઉદયનની પ્રતિજ્ઞાને પૂર્ણ કરવા રાજા કુમારપાલની આજ્ઞા લઈ, રાજ્ય–ભંડારના દ્રવ્યની મદદ લઈ શત્રુંજયતીર્થનો મોટો જીર્ણોદ્ધાર (ચૌદમો ઉદ્ધાર) કરાવ્યો અને તેમાં સં. ૧૨૧૩માં ક.સ.આ. હેમચંદ્રસૂરિના વરદ્ હસ્તે ભ૦ ઋષભદેવ વગેરે જિનપ્રતિમાઓની ભારે ધામધૂમથી પ્રતિષ્ઠા કરાવી. વળી, પાલીતાણા સમીપ તેણે વાગ્ભટપુર વસાવી, તેમાં ત્રિભુવનપાલ–વિહાર બંધાવી ભ૦ પાર્શ્વનાથની પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી અને તેની પૂજાદિ માટે ૨૪ વાડીઓ આપી. એ નગર ફરતો કિલ્લો બંધાવ્યો. તેણે દેવમંદિરોને ગરાસ બાંધી આપ્યા. અને મકાનો બંધાવ્યા. જૂનાગઢ નગરથી ગિરનાર પર ચડવા જે પાજ હતી તે રસ્તો–ચડાવ કઠિન હોય રાજા કુમારપાલની ઈચ્છા અને આજ્ઞાથી મંત્રી વાહડ અને આંબડે ગિરનાર ઉપર ૬૩ લાખના ખર્ચે નવી સુગમ પાજ બંધાવી. આ રસ્તો 'સાંકળી પાજ' નામે પ્રસિદ્ધ છે. મંત્રી વાહડનાં પત્ની પ્રથિમીદેવીને મહણસિંહ, સામંતસિંહ અને સલખણસિંહ એમ ત્રણ પુત્રો હતાં. તેમાં મંત્રી સામંતસિંહે ગિરનારના શિખર ઉપર ભ૦

નેમિનાથના પ્રાસાદ પાસે ભ૦ પાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું અને દંડનાયક સલખણસિંહે સં. ૧૩૦૫માં ગિરનાર તીર્થ પર ભ૦ પાર્શ્વનાથની પ્રતિમા ભરાવી, વડગચ્છના આ૦ જયાનંદસૂરિના હાથે તેની પ્રતિષ્ઠા કરાવી હતી. આ પ્રતિમા આજે વસ્તુપાલના દેરાસરમાં વિદ્યમાન છે.

## કવિચક્રવર્તી શ્રીપાલ અને તેનો કવિવંશઃ–

પાટણના પોરવાડ લક્ષ્મણે ગુજરાતને કવિવંશ આપ્યો છે, 'प्रज्ञाप्रकर्षः प्राग्वाटे' એ કહેવતને ચરિતાર્થ કરી બતાવી છે. લક્ષ્મણ પોરવાડને શ્રીપાલ અને શોભિત એમ બે પુત્રો હતા. શ્રીપાલ પ્રજ્ઞાચક્ષુ હતો, પણ ઉદ્‌ભટ કવિ અને વિદ્વાન હતો. તે આ૦ વાદિદેવસૂરિનો અનન્ય ઉપાસક–ધર્મશિષ્ય હતો. પાટણની રાજસભામાં દિગંબરાચાર્ય કુમુદચંદ્ર સાથેના શાસ્ત્રાર્થ–વાદમાં આ૦ વાદિદેવસૂરિ વિજયી બન્યા તેમાં કવિશ્રીએ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. શ્રીપાલ પોતાના ગૃહ–ઉપાશ્રયમાં જૈન મુનિવરોને પધરાવતો હતો. એ ઉપાશ્રયમાં વડગચ્છના આ૦ વિજયસિંહસૂરિના પટ્ટધર આ૦ હેમચંદ્રસૂરિએ 'નાભેય–નેમિદ્વિસંધાન' નામનું કાવ્ય રચ્યું હતું. તેનું સંશોધન કવિ શ્રીપાલે પોતે કર્યું હતું. આ૦ સોમપ્રભસૂરિએ પણ એ જ ઉપાશ્રયમાં રહીને સં. ૧૧૪૧માં 'કુમારપાલપડિબોહો' નામના પ્રબંધની રચના કરી હતી. રાજા સિદ્ધરાજ તેને પોતાનો બાલમિત્ર અને બંધુ માનતો હતો. રાજાએ તેને 'બાલસખા' અને 'કવિચક્રવર્તી'નાં બિરૂદ આપ્યાં તથા પોતાની પંડિતસભાનો મોવડી બનાવ્યો હતો. વસ્તુતઃ કવિ શ્રીપાલ ષટ્‌ભાષા કવિચક્રવર્તી હતો. તેણે અનેક કાવ્ય–ગ્રંથોની રચના કરી છે.

કવિ શ્રીપાલનો પુત્ર સિદ્ધરાજ પણ મહાકવિ હતો, રાજા કુમારપાલનો પ્રીતિપાત્ર અને વિશ્વાસુ મિત્ર હતો. રાજાને તે ક્યારેક ક્યારેક શાંતિરસ અને વૈરાગ્યરસની વાતો સંભળાવતો હતો. સિદ્ધરાજનો પુત્ર વિજયપાલ પણ કવિ હતો. તેનું 'દ્રૌપદીસ્વયંવર' નાટક (અંકઃ૨) પ્રસિદ્ધિ પામ્યું હતું. વસંતોત્સવમાં એ ભજવાયું ત્યારે પાટણની જનતા ખૂબ ખુશ થઈ હતી.

કવિ શ્રીપાલના લઘુબંધુ શોભિતને આશુક નામે પુત્ર હતો. રાજા સિદ્ધરાજનો તે મહામાત્ય હતો. રાજા સિદ્ધરાજે કેટલાંક ધર્મકાર્યો મહામાત્ય આશુકની સલાહથી કર્યાં હતાં.

## આરાસણમાં ભ૦ નેમિનાથનું મંદિર બંધાવનાર પાસિવ શ્રેષ્ઠીઃ–

આરાસણ (કુંભારિયાજી)ના મહં. ગોગાનો પુત્ર પાસિવ શ્રેષ્ઠી એકવાર પાટણમાં રાજા સિદ્ધરાજે બંધાવેલ રાજવિહાર–મંદિરનું ખૂબ ઝીણવટ નિરીક્ષણ કરી મંદિરને માપી રહ્યો હતો, ત્યારે ત્યાં દર્શને આવેલી ઠ. છાડાની પુત્રી હિંસાએ મશ્કરીમાં કહ્યું કે, 'ભાઈ ! માપ લો છો તો શું તમારે કોઈ દેરાસર

બંધાવવું છે ?' પાસિલે હાજર જવાબ આપ્યો કે, 'બેન ! તારા મોંમાં સાકર. તું એ પ્રતિષ્ઠા–ઉત્સવમાં આવજે. બોલ, આવીશ ને ?' હાંસીએ 'હા' કહી. ત્યાર બાદ પાસિલે આરાસણ જઈને દેવીની સાધના કરી ધન મેળવ્યું અને ૪૫ હજાર સોનામહોર ખર્ચી આબુ–વિમલવસહીના કોરણીકામ જેવું ભ૦ નેમિનાથનું ભવ્ય દેરાસર બંધાવ્યું. વળી, આ જ દેરાસરમાં ઠ. છાડાની પુત્રી હાંસીએ ૯ લાખ દ્રવ્ય ખર્ચીને મેઘનાદ નામે રંગમંડપ બંધાવ્યો.વિ. સં. ૧૧૯૩ના વૈ. સુદિ ૧૦ના આ૦ વાદિદેવસૂરિના હસ્તે તેની અંજનશલાકા અને પ્રતિષ્ઠા કરવામાં આવી, ત્યારે હાંસીદેવી હાજર જ હતી. તે પાટણના ધનાઢ્ય શેઠ છાડાની વિધવા પુત્રી હતી.

jainuniversity.org

### દશ કરોડ દ્રવ્યનું દાન કરનાર શેઠ આભડ વસાહ:–

પાટણના કોટિધ્વજ શેઠ નાગ શ્રીમાલની પત્ની સુંદરીને આભડ નામે પુત્ર હતો. માત્ર દશ વર્ષની વયમાં જ આભડે મા બાપનું છત્ર અને ધન પણ ગુમાવ્યું. શરૂઆતમાં તે કંસારાને ત્યાં ઘૂઘરા ઘસતો, પછી રત્નપરીક્ષાનો અભ્યાસ કરી અને ઝવેરીઓને ત્યાં અનુભવ મેળવી રત્નોનો પારખુ બન્યો. તેણે એક વાર ક૦ સ૦ આ૦ હેમચંદ્રસૂરિ પાસે જઈને ૭૦૦ સોનામહોરના પરિગ્રહ પરિમાણનું વ્રત દેવા આચાર્યશ્રીને વિનંતી કરી. આચાર્યશ્રીએ તેના હાથની રેખાઓ જોઈ તેને ખૂબ સમજાવીને આખરે ત્રણ લાખ સોનામહોરના પરિમાણનો નિયમ કરાવ્યો.

સર્વ જ્ઞાનાય ભવતુ

આભડ નાની ઉંમરમાં જ લાછનદેને પરણ્યો હતો, અને લાછનદેએ ચૌદ વર્ષની વયમાં જ પુત્રને જન્મ આપ્યો. નાની ઉંમરના કારણે પુત્રને દૂધ ઓછું મળતું, તેથી આભડ બકરી ખરીદવાના વિચારે ભરવાડવાસમાં ગયો. ત્યાં બકરીઓના ટોળામાં એક બકરીના ગળે લીલો પથ્થર બાંધેલો જોયો. મણિના પારખું આભડે તે પથ્થર જોઈને બકરી ખરીદી લીધી. એ પથ્થર નીલમણિ હતો. રાજા સિદ્ધરાજે તે મણિ પોતાના મુગુટમાં જડવા માટે લાખ સોનૈયા આપીને ખરીદી લીધો. આભડે આ દ્રવ્યથી વેપાર ખેડવા માંડ્યો. એક દિવસ તેણે વહાણમાં આવેલી મજીઠની ગુણો ખરીદી લીધી. તેના સદ્‌નસીબે કેટલીક ગુણોમાંથી સોનાની લગડીઓ નીકળી. આ રીતે આભડ શેઠ આગળ ધનના ઢગલા થવા લાગ્યા, પણ નિયમથી વધુ બધુ જ ધન તેઓ છુટ્ટા હાથે વાપરવા લાગ્યા. તેમણે વર્તમાન ચોવીશીનાં ૨૪ દેરાસર બંધાવ્યાં, ઘણાં દેરાસરોના જીર્ણોદ્ધાર કરાવ્યા, ૮૪ પોષાળો બંધાવી, સાત ક્ષેત્રોમાં ૯૦ લાખ સોનામહોરો વાપરી. દેવભક્તિ, ગુરૂભક્તિ અને સાધર્મિક ભક્તિના લાભો લીધા. દાનશાળા ખુલ્લી મુકાવી. સં. ૧૨૫૭માં પાટણની પ્રત્યેક પોષાળમાં બિરાજમાન આચાર્યોની ભક્તિનનો લાભ ઘણું ધન ખરચીને લીધો. સંઘપૂજા, સાધર્મિકવાત્સલ્યાદિ અનેક સુકૃતો પણ થતાં રહ્યાં. આમ, તેમણે કુલ ૧૦,૮૦,૦૦,૦૦૦ દ્રવ્યનું દાન કર્યું હતું.

છિદ્દક (છાડા) શેઠઃ–

તે પાઠણનો વીશા પોરવાડ જ્ઞાતિનો જૈન હતો. મોટો વેપારી હતો. ૯૯ લાખ સોનૈયાથી ધનસમ્પન્ન હતો. તેણે મંત્રી વાહડના (ઘર) દેરાસરના ગોખમાં ભ૦ અજિતનાથની પ્રતિમા ક.સ.આ. હેમચંદ્રસૂરિના હાથે પ્રતિષ્ઠિત કરાવી હતી. રાજા કુમારપાલને આ પ્રતિમા પર ઘણી આસ્થા હતી. શેઠ છાડા કુમારપાલના શત્રુંજયતીર્થના યાત્રાસંઘમાં તેમજ સં.૧૨૧૬–૧૭ના 'તિહુઅણપાલવિહાર'ના પ્રતિષ્ઠા મહોત્સવમાં સામેલ હતો. શેઠ છાડાને હાંસીદેવ નામે પુત્રી હતી (જેની વિગત આ લેખમાં પાસિવ શ્રેષ્ઠીના પરિચયમાં આપી છે.)

શેઠ છાડાના વંશમાં સોળમી સદીમાં સં. ખીમો, સં. સહસા એમ બે ભાઈઓ થયા. તેઓ તપાગચ્છના આ૦ લક્ષ્મીસાગરસૂરિ અને આ૦ સોમજયસૂરિના અનુરાગી શ્રાવક હતા. તેઓએ સં. ૧૫૨૭માં પાવાગઢ ઉપર મોટા જિનબિંબની પ્રતિષ્ઠા કરાવી. સં. ૧૫૩૩માં શત્રુંજય તથા ગિરનાર તીર્થનો સંઘ કાઢ્યો તથા દાનશાળાઓ સ્થાપન કરી અને સાધર્મિકોની ભક્તિ કરી. તેમજ તેઓએ ગચ્છની પરિધાપનિકા, પ્રતિષ્ઠા, ગુરૂપદસ્થાપના, પ્રવેશોત્સવ, તીર્થોદ્ધાર અને ઘણાં પરોપકારનાં કાર્યો કર્યાં. ઉક્ત આચાર્યોના ઉપદેશથી તેઓએ સં. ૧૫૩૮માં સર્વ જૈન સિદ્ધાંતો લખાવ્યા.

jainuniversity.org

શેઠ ગોડીદાસ અને સોઢાજી ઝાલાઃ–

સિંધ–કીર્તિગઢના કેશરદેવ ઝાલાનો પુત્ર હરપાલદેવ ગુજરાત આવી વસ્યો અને રાજા કર્ણદેવની નોકરી સ્વીકારી. તેના ત્રણ પુત્રો–સોઢાજી વગેરે ઝીંઝુવાડા જઈને વસ્યા. એક વાર દુકાળ પડતાં ઝીંઝુવાડાના શેઠ ગોડીદાસ અને સોઢાજી ઝાલા માળવા ગયા. ત્યાંથી પાછા વળતાં સિંહ નામના કોળીએ ઓચિંતો વાર કરી શેઠ ગોડીદાસને મારી નાખ્યો. શેઠના ઘરમાં (ઝીંઝુવાડામાં) ક.સ. આ૦ હેમચંદ્રસૂરિએ પાટણમાં સં. ૧૨૨૮માં વડોદરાના શેઠ કાનજી વસોનાં અંજનશલાકા કરેલાં ત્રણ પ્રતિમાઓમાંનાં એક ભ૦ પાર્શ્વનાથનાં પ્રતિમાં હતા. ગોડીદાસ મરીને વ્યંતર થયો, અને તે આ પ્રતિમાનો અધિષ્ઠાયક દેવ બની પૂજા–ભક્તિ કરવા લાગ્યો. ત્યારથી તેના નામ ઉપરથી આ પ્રતિમા ગોડી પાર્શ્વનાથના નામથી પ્રસિદ્ધિ પામી. અધિષ્ઠાયકે સોઢાજી ઝાલાને સહાય કરી અને સોઢાજીએ ગોડી પાર્શ્વનાથ સ્વગૃહે પધરાવ્યા. તેમની પૂજા–સેવાથી તે અત્યંત સુખી થયો. ઝીંઝુવાડાનો રાજા બન્યો અને ગુજરાતનો મહામાંડલેશ્વર થયો. તેને કોઢ રોગ નીકળ્યો, પણ શંખેશ્વર તીર્થમાં આવી નિત્ય પૂજા–ભક્તિ કરતાં કોઢ શમી ગયો. શંખેશ્વર પધારેલ પૂર્ણિમાગચ્છના મહાન તપસ્વી આ૦ પરમદેવસૂરિના ઉપકાર અને ઉપદેશથી તેણે શંખેશ્વર પાર્શ્વનાથના દેરાસરનો મોટો જીર્ણોદ્ધાર કરાવ્યો અને દેવવિમાન જેવો જિનપ્રસાદ બંધાવ્યો.

**કાવી તીર્થ અને નાગર જૈનોનો ઉજ્જવલ ઈતિહાસઃ–**

જૈન મહારાજની ૮૪ જ્ઞાતિઓ છે, તેમાં નાગર પણ એક જ્ઞાતિ છે. એ જ રીતે ગચ્છોમાં પણ નાગરગચ્છનો ઉલ્લેખ જોવા મળે છે. મેત્રાણા એ મધ્યકાળમાં નાગરગચ્છનું જૈન તીર્થ હતું. ગુજરાતનું કાવી તીર્થ પણ નાગર જૈનોના ઉજ્જવલ ઈતિહાસનું પ્રતિક છે. તેનો ઈતિહાસ આ પ્રકારે છે.

નાગર જ્ઞાતિ, દશા શાખા અને ભદ્રસિયાણી ગોત્રનો વ્યાપારી ગાંધી દેપાલ શાહ વડનગરમાં રહેતો હતો. તેના વંશમાં થયેલ બાડુક વડનગરથી નીકળી ખંભાત આવીને વસ્યો. ત્યાં તે પરિવાર અને ધનથી સમ્પન્ન બન્યો. તેમ જ જગદ્‌ગુરૂ આ૦ હીરવિજયસૂરિના ઉપદેશથી જૈનધર્મમાં દૃઢ થયો. તેણે કાવીમાં જૂના જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવતા પૂર્વ–પશ્ચિમમાં ૯૦ ફુટ અને ઉત્તર–દક્ષિણમાં ૬૧ ફુટ પરિમાણ ભૂમિમાં બાવન જિનાલયવાળો ભ૦ ઋષભદેવનો ‘સર્વજિતપ્રાસાદ’ બનાવ્યો અને પોતાના ત્રણ પુત્રો કુંઅરજી, ધર્મદાસ તથા વીરદાસને સાથે રાખી આ૦ વિજયસેનસૂરિના વાસક્ષેપથી તેમના શિષ્યોના હાથે સં. ૧૬૪૯માં પ્રતિષ્ઠા કરાવી.

બાડુકના પુત્ર કુંઅરજીએ તેજલદે નામે પત્ની હતે અને કાનજી નામે પુત્ર હતો. શેઠ કુંઅરજી ગાંધીએ કાવી તીર્થમાં ‘રત્નતિલક’ નામે બીજું વિશાળ મંદિર બંધાવ્યું. ઉપરાંત, શેઠ કુંઅરજી વગેરે ત્રણે ભાઈઓએ ‘સર્વજિતપ્રાસાદ’માં આ૦ વિજયસેનસૂરિના હાથે સં. ૧૬૫૬માં ભ૦ ઋષભદેવની ચરપાદુકાની પ્રતિષ્ઠા કરાવી. ‘રત્નતિલકપ્રાસાદ’માં ભ૦ ધર્મનાથના પરિકરમાં કુંઅરજીના પુત્ર કાનજી ગાંધીનું નામ મળે છે. કારણ, શેઠ કુંઅરજીએ પોતાનાં પત્ની તેજલદે અને પુત્ર કાનજીના નામે આ પરિકરની તેમ જ ભ૦ શાંતિનાથ અને ભ૦ સંભવનાથની પ્રતિમાની અંજનશલાકા કરાવી હતી. કાવી તીર્થમાં આજે ભ૦ ઋષભદેવ અને ભ૦ ધર્મનાથનાં બે ગગનચૂંબી વિશાળ મંદિરો ઊભાં છે, જે નાગર જૈનોની કીર્તિ ગાઈ રહ્યાં છે.

જોધપુરના દાનવીર દીવાન જયમલજી મુહણોતઃ–

શા. જયમલ મુહણોતે ફલોદી અને જાલોર પરગણાના હાકેમ તરીકે સારી નામના મેળવી, આથી જોધપુરના રાજા ગજસિંહે તેને જોધપુર બોલાવી સં. ૧૬૮૬માં દીવાન બનાવ્યો. સં. ૧૬૮૭માં મારવાડ અને ગુજરાતમાં ભયંકર દુકાળ પડતા દીવાન જયમલે ઘણું ધન વાપરી જનતાને મોટી રાહત આપી. લોકોએ તેને 'જગડુશાહ' તરીકે બિરદાવ્યો. તેણે સં. ૧૬૮૧માં પં. જયસાગરજી ગણીના હાથે અને સં. ૧૬૮૬માં આ૦ વિજયદેવસૂરિના હાથે અંજનશલાકા તથા પ્રતિષ્ઠા કરાવી. જાલોર, સાચોર, જોધપુર અને શત્રુંજયતીર્થમાં નવાં જિનમંદિરો બંધાવ્યાં અને તેમાં ઉક્ત અંજનશલાકા કરેલી પ્રતિમાઓની પ્રતિષ્ઠા કરાવી. તેણે જાલોર પાસેના સ્વર્ગગિરિ પહાડ પરના ભ૦ મહાવીરસ્વામીના કુમારવિહાર, ચૌમુખજી વગેરે ત્રણ જિનાલયનો તેમ જ નાડોલના ભ૦ પદ્મપ્રભુ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. જાલોરના તપાવાસમાં ઉપાશ્રય બનાવ્યો. તેની પત્નીઓએ પણ પ્રતિષ્ઠાદિનાં ધર્મકાર્યો કર્યાં. તેના પુત્રો પૈકી નેણસી મુહણોતે 'નેણસીરી ખ્યાત'નામે ગ્રંથ રચ્યો જે આજે મારવાડના ઈતિહાસ માટે પ્રામાણિક હકીકતો પૂરી પાડે છે.

ચુસ્ત જિનોપાસક મંત્રી આલિગદેવઃ–

તે રાજા સિદ્ધરાજ અને રાજા કુમારપાળનો મંત્રી હતો. સિદ્ધરાજે માળવા ઉપર ચઢાઈ કરી ત્યારે પાટણની રક્ષાનો ભાર તેને સોંપ્યો હતો. એ જ રીતે સિદ્ધરાજે સિદ્ધપુરમાં રૂદ્ર મહાલય બંધાવ્યો તેની સર્વ વ્યવસ્થા પણ તેને જ સોંપી હતી.

આચાર્ય દેવસૂરિને દિગંબરાચાર્ય કુમુદચંદ્ર સાથેના વાદમાં મળેલા વિજયના ઉપલક્ષમાં મંત્રી આલિગે રાજા સિદ્ધરાજની પ્રેરણાથી સિદ્ધપુરમાં ચતુર્મુખ જિનપ્રાસાદ બંધાવ્યો હતો. મંત્રીએ તેમાં પ્રતિષ્ઠિત કરેલી પાર્શ્વનાથની પ્રતિમા ખૂબ જ પ્રભાવક છે. એકવાર સુલતાન અલાઉદ્દીન ખિલજીએ આ પ્રતિમા તોડવાનો ઈરાદો કર્યો પણ તે જ સમયે એક સર્પ પ્રગટ થઈને સુલતાન સામે બેઠો. સુલતાન તો આ બધું જોઈ આશ્ચર્યચકિત થઈ ગયો. તેણે કહ્યું 'આ દેવ તો બાદશાહોનો બાદશાહ સુલતાન છે.' એમ સમજીને તેણે એ પ્રતિમા તોડવાનો ઈરાદો માંડી વાળ્યો, તે સમયથી એ પ્રતિમા 'સુલતાન પાર્શ્વનાથ' ના નામથી પ્રસિદ્ધિ પામી છે.

મંત્રી આલિગદેવ મુત્સદ્દી, સત્યભાષી અને અનુભવી મંત્રી હતો તથા ચુસ્ત જિનોપાસક હતો. તેને જિનપૂજા કર્યા પહેલાં અન્ન ન લેવાનો નિયમ હતો. ખંભાતમાં તેણે ઉપાશ્રય પણ બનાવ્યો હતો.

**ક્ષત્રિય મહાકવિ આસડઃ-**

કવિ આસડ એ વિક્રમની તેરમી સદીના મધ્યકાળનો ક્ષત્રિય જૈન વિદ્વાન હતો. ભિન્નમાલકુળના ક્ષત્રિય કટુકરાજનો પુત્ર હતો. તેણે કેટલાક ગ્રંથોની રચના કરેલી છે. તેણે ‘મેઘદૂતકાવ્ય’નું બિરૂદ આપ્યું. તેને રાજડ નામે પુત્ર હતો. તેને પણ ‘બાલસરસ્વતી’નું બિરૂદ મળ્યું હતું. પરંતુ, રાજડ તરૂણવયમાં જ મરણ પામવાથી આસડને ભારે આઘાત લાગ્યો. આ પ્રસંગે રાજગચ્છના આ૦ ભદ્રેશ્વરસૂરિના પટ્ટધર આ૦ અભયદેવસૂરિએ તેને પ્રતિબોધ કર્યો અને આશ્વાસન આપ્યું. કવિ આસડ આચાર્યશ્રીના ઉપદેશથી જૈનદર્શનમાં પ્રવીણ બન્યો. તેણે ‘ઉપદેશકંદલીપ્રકરણ’, ‘વિવેકમંજરી’ તથા ગદ્ય-પદ્ય સ્તુતિઓ રચી છે.

**વંથલીનો નગરશેઠ ભીમ સાથરિયોઃ-**

તેણે સૌરાષ્ટ્રના દંડનાયક સજ્જનની પ્રેરણાથી ગિરનારતીર્થના જીર્ણોદ્ધાર માટે ૭૨ લાખ દ્રવ્યની ટીપ કરી રાખી હતી, પણ રાજા સિદ્ધરાજે તેનો ખર્ચ આપ્યો એટલે શ્રીસંઘે એ રકમમાંથી વંથલીમાં દેરાસર બંધાવ્યાં. શેઠ ભીમે સં. ૧૧૮૫માં ગિરનારમાં ભ૦ નેમિનાથને હાર ચઢાવ્યો અને ગિરનાર પર ભીમકુંડ બંધાવ્યો.

jainuniversity.org
सर्व ज्ञानाय भवतु